Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૧૪ • તા. ૦૪ એપ્રિલ ૨૦૧૬ થી ૧૦ એપ્રિલ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

62 Shree KDO Students Association

## જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઇ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

"જ્ઞાતિ મારી માટે શું કરે છે... એ નહી પણ...
હું જ્ઞાતિ માટે શું કરું છું તે વિચારો..."

**શેઠશ્રી નરશી નાથાના આજ સૂત્ર અને સિદ્ધાંત પર વર્ષ ૨૦૧૨-૧૬ દરમ્યાન થયેલી વિદ્યાર્થીસંઘની પ્રવૃત્તિઓ માટે વિશેષ આભાર...**

**આદરણીય વડીલો, દિલાવર દાતાશ્રીઓ, સેવાભાવી સદ્‌ગૃહસ્થો, શુભચિંતકો તથા વ્હાલા જ્ઞાતિજનો**

જય જિનેન્દ્ર ! જય જ્ઞાતિ મૈયા !!

આપ સૌના ઉમળકાભેર સાથ સહકાર સાથે ૪ વર્ષનો કાર્યકાળ ભારે સફળતાપૂર્વક પરિપૂર્ણ થયો. સમયની ધારા પાણીના રેલાની જેમ સતત વહેતી રહી. શ્રી ક.દ.ઓ. આવા નિર્મળ આકાશ સમા વિદ્યાર્થીસંઘના પ્રમુખ બનીને આપ સૌ જ્ઞાતિજનોની સેવા કરવાનો અનેરો અવસર મને ફરી પ્રાપ્ત થયો.

સુંદર અને સ્વચ્છ આકાશમાં તારા રૂપી પ્રકાશ પાથરનાર સૂર્ય અને ચંદ્ર જેવા વડીલોની વિરાસતને પ્રકાશમાન, દેદીપ્યમાન કરવાનો અનેરો અમૂલ્ય લાભ મળવાથી હું પોતાને ખૂબજ પૂણ્યશાળી સમજું છું.

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘનો મહામંત્ર છે. સંપ-સેવા અને સહકારનો સંકલ્પ જેના દ્વારા સમાજને કંઇક રચનાત્મક ફળ આપનારી સેવા-વિદ્યાર્થી ભાઇ-બહેનોને વિદ્યાભ્યાસ માટે મદદ કરવી, સમાજમાં જાગૃકતા ફેલાવવી, નવીનતા ભર્યા કાર્યક્રમો, જ્ઞાતિજનોની કલા કૌશલ્યને બિરદાવતા આયોજનો કરવા. અમારૂ વર્ષ ૨૦૧૨-૧૬ કાર્યકાલ નવી આશાઓ અને ઉમંગો સાથે પુરૂ થયેલ. જેની તાલબદ્ધ કાર્યક્રમ રૂપે ૨૦૧૨-૧૬ની આછેરી ઝલકના સ્મરણ ચિન્હો.


આપ સૌ જ્ઞાજિમૈયાના સાથ સહકાર વગર સમગ્ર કાર્યક્રમ કરવા શક્ય જ નથી. તેથી આપ સૌનો ખૂબ ખૂબ આભાર. શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના સમસ્ત કાર્યક્રમોને સફળતાના શિખરે પહોંચાડનાર મુખ્ય દાતાશ્રીઓ તેમજ સહયોગી દાતાશ્રીઓનો હું આભારી છું. તેમના ઉમદા સહકાર વગર આ કાર્યક્રમો પાર પાડી જ ન શકાય. શ્રી વિદ્યાર્થીસંઘ સર્વે દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.














લિ.

અનુજ ગિરીશ લોડાયા
(રવા-ડોંબિવલી/સેલુ)
પ્રમુખ
૨૦૧૨-૧૪, ૨૦૧૪-૧૬

શ્રી ઉર્મીન જયેશ લોડાયા
ઘાટકોપર (સુથરી)
માનદ્‌મંત્રી
૨૦૧૨-૧૪, ૨૦૧૪-૧૬















## વિશેષ મુલાકાત...

વિશેષ મુલાકાત...



શ્રીમતિ કિરણ બેદી



ફેશન ડિઝાઇનર શાયના એન. સી.



ખાસદાર શ્રી કિરીટ સોમૈયા



આમદાર શ્રી રવિંદ્ર ચવ્હાણ

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ - મુંબઇ આયોજીત સમગ્ર કાર્યક્રમ માટે સમગ્ર કમિટી, પુરુષ તેમજ મહીલા સંપર્ક સભ્યોનો પણ ખુબજ આભારી છે. સાથે એનાથી વિશેષ તેમના માતા-પિતાને પણ એટલો જ સહયોગ અમને મળેલ છે. સમગ્ર આયોજન માટે સર્વે કાર્યકરો દિવસ-રાત એક કરીને આ આયોજન પાર પાડે છે, તેઓ શિક્ષણ સાથે, નોકરી સાથે કે પોતાના ધંધાના સાથે સમય કાઢી વિદ્યાર્થીસંઘની સેવા માટે તત્પર રહે છે. જે ખરેખર અનુમોદનીય છે.

આગામી વ્યવસ્થાપક સમિતિ માટે ચૂંટાયેલા સભ્યોને કાર્યકાલ વર્ષ ૨૦૧૬-૧૮ માટે અમારી વ્યવસ્થાપક સમિતિ, સંપર્ક સભ્યો તથા હિત ચિંતકો વતી હાર્દિક શુભેચ્છા...

## વ્યવસ્થાપક સમિતિ કાર્યકાલ વર્ષ ૨૦૧૪-૨૦૧૬



**શ્રી અનુજ ગિરીશ લોડાયા**
ડોંબીવલી (સેલુ-રવા)



**શ્રી મંયક જીતેન્દ્ર મોમાયા**
મુંબઇ-ડોંડાઈચા (સાંયરા)



**શ્રી ઉર્મીન જયેશ લોડાયા**
ઘાટકોપર (સુથરી)



**કુ. નીકીતા નરેશ મૈશેરી**
થાણા (મોટી સિંધોડી)



**શ્રી તેજસ મહેંદ્ર ખોના**
ભાંડુપ (જખૌ)



**ધર્મીતા અનુજ લોડાયા**
ડોંબીવલી (સેલુ-રવા)



**શ્રી હેમીલ જયેશ દંડ**
ઘાટકોપર(વરાડીયા)




**શ્રી દિવેશ યોગેશ લોડાયા**
નવી મુંબઈ (તેરા)



**કુ. મિત્તલ તિલેશ ધરમશી**
મસ્જીદ બંદર(સુથરી)



**શ્રી શુભમ મહેન્દ્ર લાપસિયા**
ડોંબિવલી (દલતુંગી)












**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 14/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## જો બંધારણોને સમયાનુરૂપ રાખવાની જહેમત લેશું તો ઘણા અનર્થો ટાળી શકશું

હમણાં જ્ઞાતિની ગતિવિધિઓની જાણકારી રાખનારાઓમાં ચાર વાત ખૂબ જ ચર્ચાઈ રહી છે.

એક તો તાજેતરમાં ભાંડુપ સંઘના સભ્યો મુંબઈ મહાજનના એક પદાધિકારીના વર્તનથી નારાજ થયા છે તેથી ભાંડુપ સંઘ મુંબઈ મહાજનના સહકાર આપવાનું બંધ કરશે કે કેમ ? એવું વાતાવરણ સર્જાયું. જોકે સદભાગ્યે, આમ થયું નથી. પણ આમ સ્થાનિક મુદાઓ આખા મુંબઈ મહાજનની કાર્યવાહીને વિપરીત રીતે પ્રભાવિત કરશે કે એવો પ્રશ્ન અવનારનાર થયા કરે છે.

બીજી વાત નલીયા મહાજનની ચૂંટણી ૧૭૬ વર્ષ ચૂંટણી કરાવવાની ફરજ પડે તેવી રસાકસી ભરી રહી. એક પેનલ તો આવનાર ઇચ્છે તો વિમાનની ટિકિટ સુધ્ધા આપવાની તેયારી બતાવી. જોકે પરિણામ વધુ ખર્ચો કરનાર પેનલની તરફેણમાં ન આવ્યું તે ન જ આવ્યું.

ત્રીજી વાત સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલે અત્યારની મહાસમિતિ અને પદાધિકારીઓને એક વર્ષનું વિસ્તરણ અપાયું હોવાથી પહેલી એપ્રિલે જ નવી મહાસમિતિ અને પદાધિકારીઓ આવી જાય તે માટે ભરચક પ્રયત્નો કર્યો પણ તેમને હવે મહાસમિતિ કે ટ્રસ્ટ બોર્ડના સહયોગ વગર જૂદા જૂદા વિસ્તારમાં મહોજનોનો સંપર્ક સાધી આપસી વાતચીત-સમજૂતિથી ટ્રસ્ટીની નિમણૂક કરાવવાની લાંબી માથાકુટમાં પડવું પડશે. માંડ ત્યારે ટ્રસ્ટ બોર્ડ પૂર્ણ થશે અને નવા પદાધિકારીઓ આવી સંસ્થાનું સુકાન સંભાળશે. ત્યાં સુધી સેક્રેટરી જનરલે નામ માત્રનો વહીવાટ ચલાવવો પડશે.

આ ઉપરાંત વસતી પત્રક સમિતિ હાલ કાર્ય કરી રહી છે કે કેમ ? અને તેનું ભાવિ શું ? તે વાત પણ ચર્ચાના કેન્દ્રમાં છે. આ ચાર ઘટનાઓ આમ તો અલગ અલગ છે પણ ક્યાંકને ક્યાંક તેમને તેમના બંધારણો સમયાનુરૂપ ન હોવા સાથે સંબંધ છે. કેવી રીતે ? તે સમજીએ.

મુંબઈ મહાજન જ્ઞાતિનું મોભી મહાજન ગણાય છે પણ હકીકત એ છે કે મુંબઈ મહાજન કરતાં તેના કાર્યક્ષેત્રમાં વસતા જ્ઞાતિજનોમાં પોતપોતાના વિસ્તારોમાંના મસ્જિદબંદર સંઘ, મિડટાઉન સંઘ, જીવીસી સંઘ, કાંજૂરમાર્ગ સંઘ, ભાંડુપ સંઘ, સર્વોદય મંડળ- મુલુંડ, ક.દ.ઓ. મંડળ-ડોંબીવલી આદિનું મહત્વ મુંબઈ મહાજનથી વધારે છે. આવું થવાનું કારણ એ છે કે ૨૦૦૦ આસપાસની જનસંખ્યા ધબકતા સમાજજીવન માટે પૂરતી છે. એનાથી વધુ સંખ્યા અપિરિચિતોની ભીડ બની જાય છે.

ઇ.સ. ૧૯૮૦ની આસપાસ મુંબઈ, થાણા ક્ષેત્રના સમાજ જીવનના પાયાના એકમો તરીકે ઉપર જણાવેલ સાત સંઘ - મંડળનો પાયાના એકમ તરીકેનો સ્વીકાર કરી તેમના પ્રમુખ - સેક્રેટરી ખજાનચી મળીને ૭×૩ = ૨૧ આગેવાનોની મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ બને એવું કાંઈ બંધારણ અપનાવવું જોઈતું હતું. એમ ન થવાને કારણે વ્યવહારુ દૃષ્ટિએ આજે મહાજન તરીકેનું કામ આપનાર અનંત સિધ્ધિ ખાતેનો શેઠશ્રી નરશીનાથા હોલ જ્યાં આવેલ છે એ ભાંડુપ વિસ્તારનો સંઘ અથવા મુલુંડ કે ડોંબીવલી જેવા જ્ઞાતિની વધુ વસતિ ધરાવતા વિસ્તારના મંડળો નારાજ મુંબઈ મહાજનના કોઈ પદાધિકારી અંગે થાય તો આખા ય મુંબઈ મહાજન પર તેની નકારાત્મક અસર પડી શકે છે એવું વાતાવરણ ઊભું થાય છે.

નલીયા મહાજનની ચૂંટણીની વાત કરીએ તો દાયકાઓ પહેલાં સ્થાનિકે નલીયામાં વસતા મૂળ નલીયાના જ્ઞાતિજનો, કચ્છમાં વસતા મૂળ નલીયાના જ્ઞાતિજનો, મુંબઈમાં વસતા મૂળ નલીયાના જ્ઞાતિજનો તથા અન્યત્ર વસતા મૂળ નલીયાના જ્ઞાતિજનોને પ્રતિનિધિત્વ મળે તે પ્રકારે બંધારણ સુધારાયું છે પણ કદાચ ગામની એકતા ને ધ્યાનમાં રાખીને સૌએ પોતાના ક્ષેત્ર ઉપરાંતના પ્રતિનિધિઓ માટે ય મત આપી. વિસ્તારપ્રમાણે સભ્યો ચૂંટવાના હોય છે. આને કારણે મત પત્રક એવું અટપટું બન્યું છે કે એકાદ બેટકાનો બદલે આ ચૂંટણીમાં સાત-આઠ ટકા જેટલા મત પત્રકો ગેરલાયક ઠર્યા. જેની પરિણામો પર અસર પડી. આ બંધારણમાં નલીયા ગામમાં જ આવેલ જ્ઞાતિની આશરે ૮૦-૧૦૦ લાખની મિલકતો વગેરેની વ્યવસ્થા માટે નલીયા ગામ સાથે જીવંત સંપર્ક રાખનારાને પ્રાધાન્ય આપવાનું હોઈ તથા જ્ઞાતિજનોને ગામ સાથે જોડી રાખવાને પ્રાધાન્ય અપાયું હોઈ મતદાન કરવા નલીયા આવવું જ પડે એ ફરજીયાત બનવાયું છે. આટલું કર્યા પછી પણ આજે બધા કે વધુમાં વધુ નલીયાવાસીઓને નલીયા સાથેનો સંપર્ક જીવંત રાખી શકાયો નથી.

નલીયા પરંપરાપ્રિય ગામ છે એટલેજ કદાચ ૧૭૬ વર્ષ સુધી ચૂંટણી કરવાની જરૂર નહોતી પડો પણ હવે જ્યારે જરૂરત પડી જ ચૂકી છે ત્યારે નલીયામાં સ્થાનિકે વસતા તથા અબડાસામાં વસતા નલીયાના જ્ઞાતિજનો નલીયામાં મતદાન કરે, કચ્છમાં અન્યત્ર વસતા ગાંધીધામમાં પોતાના પ્રતિનિધિઓ ચૂંટવા મતદાન કરે, મુંબઈવાળાને મુંબઈમાંજ મતદાન કરવાની છુટ મળે. અન્યત્ર વસનારા નલીયાના જ્ઞાતિજન ટપાલથી મતદાન કરવાની છુટ ધરાવતા હોય એવી વ્યવસ્થા ધરાવતું સમયાનુરૂપ બંધારણ વધુ ઉચિત ગણાય. એમ થાય તોજ ગામની સંસ્થાઓમાં જ્ઞાતિજનોનો સહભાગ પણ વધે.

સમસ્ત મહાજનના બંધારણાની વાત કરીએ તો ૧૯૭૯માં બીજા સંમેલનની ફલશ્રુતિ રૂપે એકમો

રચાયા જે સામાજિક રીતે એ વાતની ઘોષણા સમાન હતા કે ૧૯૬૫થી ૧૯૬૭ વચ્ચે નાની ન્યાતને સમાવી લેવાના મુદ્દે મુંબઈમાં ઘણા ઝઘડા થયા અને મધ્યસ્થ મહાજન કામ કરતું બંધ થયું તેની સાથે મુંબઈ બહાર વસતા જ્ઞાતિજનોના સમાજજીવન પર જે વિપરિત અસર પડી તેને દૂર કરવા મુંબઈ બહાર વસતા જ્ઞાતિજનો સભાન છે અને તેમણે મુંબઈમાંના જ્ઞાતિના કેન્દ્રીય સમાજજીવનમાં ખલેલ પાડતી વસ્તુઓની પોતાના પર વિપરિત અસર ન પડે તે માટે રક્ષણાત્મક છત્ર તેમણે એકમ તરીકેનું સંગઠનાત્મક માળખું વિકસવાવાનું નક્કી કરી લીધું છે.

આમાંથી પાઠ લઈને મુંબઈ મહાજનનું માળખું જણાવાઈ ગયું તેમ સમવાય સ્વરૂપનું કરવું જોઈતું હતું, પણ તેમ ન થયું.

૧૯૯૧ના ત્રીજા જ્ઞાતિ સંમેલનમાં પ્રસ્તુત થયેલા બંધારણમાં પણ કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરલા અને તામિલનાડુમાં મહાજનોને પ્રથમ તે સ્તરે સંગઠિત કરીને તથા મુંબઈ મહાજનને પણ સમવાય સ્વરૂપની રીતે પુનઃ ગઠિત કરીને આગળ વધવું જોઈતું હતું. સમસ્ત મહાજન માટે ઉપર જણાવેલા વિસ્તારોમાંના બધા મહાજનોના કારોબારી સભ્યો - પદાધિકારીઓની મહાસમિતિ બનાવી તેના પદાધિકારીઓ નીમવા જોઈતા હતા જે આગલા સ્તરે કેન્દ્રીય સંસ્થાની મહાસમિતિના સભ્યો બને.

વધુમાં મહાજન એ ઘસાતું જતું સંગઠન છે. છેલ્લા સાત દાયકાઓમાં જ્ઞાતિનું સમાજજીવન ઘણે અંશે વિવિધ સ્તરે કામ કરતી સંસ્થાઓ પર નિર્ભર થતું ગયું છે : શિક્ષણ પ્રસારક સમિતિ, વીરજી લધાભાઈ છાત્રાલય, કન્યા છાત્રાલય, નલીયા છાત્રાલય, નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ, પ્રકાશ સમીક્ષા સમિતિ આદિ સમસ્ત જ્ઞાતિ સ્તરે કામ કરતી સંસ્થાઓએ જ્ઞાતિના સમાજજીવનને સબળ આધાર પૂરો પાડ્યો છે. પાછળથી તેમાં જીવન સંધ્યા, વસતિપત્રક સમિતિ અને શાંતિજિન જાગૃતિ ગ્રુપનો વધારો થયો છે.

જ્ઞાતિની કેન્દ્રીય સંસ્થાનું બંધારણ બનાવતી વખતે આ બધી વસ્તુઓની અવગણના કરવાથી તેમજ મહાજનોને પણ પોતાના રાજ્યો કે આસપાસના રાજ્યોના મહાજનો સાથે પ્રાથમિક સ્તરે સાંકળ્યા વગર જ કેન્દ્રીય સંસ્થા સાથે જોડવામાં આવે તો અત્યારે સમસ્ત મહાજનમાં જે અરાજકતાની સ્થિતિ સર્જાઈ છે તેને સામેથી આમંત્રણ આપેલું ગણાય. ૧૧૬માંથી માત્ર ૧૬ મહાજનોએ મહાસમિતિ માટેના પોતાના નામ સમયસર મોકલ્યા, અન્ય ૪૬ મહાજનોએ વારંવાર વિનંતીઓ થઈ પછી મોકલ્યા ૫૪ જેટલા મહાજનોના નામ સ્થાનિક સહભાગ વગર નક્કી થયા તેને કારણે ટ્રસ્ટ બોર્ડની રચના પણ ન થઈ શકી. પદાધિકારીઓ પણ બે-ત્રણ મહીનામાં કામ કરવા થશે કે કેમ તે પણ કદી શકાય તેમ નથી.

જ્યાં સુધી વસતિપત્રક સમિતિનો સવાલ છે અમુક વિવાદોની મધ્યમાં રાષ્ટ્રીય સ્તરે મહાજનોની સ્વીકૃતિવાળી અધિકૃત સમિતિની રચના કરવા માટે તેનું બંધારણ ઘડાયું. એ ઘડાયું ત્યારે પુસ્તક આકારે પ્રગટ થનાર વસતિપત્રક માટે તેમજ નેટવર્કીંગ દ્વારા વધુ ને વધુ જ્ઞાતિજનોને સંકળવા અને તેમના દ્વારા આપસી મેળ વધારવા માટેની અત્યંત આધુનિક યંત્રણાને પૂર્ણ રૂપે કામ કરતી કરવા માટે અલગ જ પ્રકારની સમજ અને નિપુણતા જરૂરી છે એ વાત ધ્યાનમાં ન લેવાઈ. બીજુ વસતિ પત્રકના કામ માટે વિવિધ વિસ્તારના જ્ઞાતિજનોમાંથી સંકલન કરવાની શક્તિવાળા અને કમ્પ્યુટર નિપુણ લોકોની જરૂર હતી. તેને બદલે દરેક વિસ્તારને પ્રતિનિધિત્વ અપાયું. મુંબઈમાં મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ જેને મોકલે તેમને લેવાના હતા. મુંબઈ મહાજન પોતે પોતાનામાં દરેક વિસ્તારનું પ્રતિનિધિત્વ અને ત્યાંની જન સંખ્યાના આધારે હોય એવા ખ્યાલ પર નથી ઊભું એટલે તે વસતિપત્રક માટે દરેક વિસ્તારના સંકલનની શક્તિવાળા આગેવાનોને વસતિપત્રક સમિતિમાં મોકલે તે માટેનો પાયોજ નથી.

વસતિપત્રક સમિતિના બંધારણમાં ૬૫ વર્ષથી વધુ વયના લોકો સક્રિય ભલે રહે હોદો ન ધરાવી શકે, તેવી કલમ છે. આ પ્રથમ દૃષ્ટિએ યુવા સહભાગ વધારવા માટેની કલમને કારણે પુસ્તક આકારનું વસતિપત્રક બનાવવામાં ચાવી રૂપ ભૂમિકા ભજવનાર પોતે હોદા વગર અન્યની મેહેરબાની પર કામ કરે અથવા તો બંધારણની જોગવાઈ પ્રમાણે નિવૃત્ત થવું જોઈએ એવી સ્થિતિ છે.

આ ૬૫ વર્ષે નિવૃત્તીવાળી કલમ હોવી જોઈતી હતી પણ આધુનિક યંત્રણાથી આખી જ્ઞાતિને નિકટ આણાવાના પ્રોજેક્ટ સાથે સંકળાયેલ લોકો માટે, પુસ્તક આકારે વસતિપત્રક પ્રગટ કરવાના કામ કરનાર માટે નહીં.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

આતો થઈ જ્યાં બંધારણો કાલગ્રસ્ત થયા હોવાને કારણે ઉભી થતી પરિસ્થિતિની વાત. એકમો સહિતની બધી સંસ્થાઓના બંધારણો જોઈએ તો તેમાંના મોટા ભાગના સમયાનુરૂપતા સાથે પોતાનું ઔચિત્ય ગુમાવી રહ્યા છે.

આ બાબતે વધુ છણાવટ કરવા કરતાં અનેકગણું વધારે જરૂરી છે આવી પરિસ્થિતિમાંથી બહાર આવવા સમસ્ત જ્ઞાતિનું કમ એકમ સમજદારોનું સહિયારું ચિંતન. એ થશે તો જરૂરથી બંધારણોની સુધારણા થશે અને જ્ઞાતિ તાજગી ભર્યા વાતાવરણમાં ભાવિ પ્રગતિનું આયોજન કરી શકાશે. **– ચંદ્રસેન મોમાયા**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

## KDO શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ • ઈમેલ : anantnathtrust@gmail.com

## રાણપર દેરાસરજીના પાયાથી જીર્ણોદ્ધારાર્થે ખનનવિધિ - શિલા સ્થાપના પ્રસંગે પધારવા આમંત્રણ

આપણા, એક જુના, વિસરાયેલા ગામ રાણપરના શ્રી મહાવીર સ્વામીજી જિનાલયનું પાયાથી જીર્ણોદ્ધાર કરવાનું નક્કી કર્યુ છે. આ દેરારસજીની ખનનવિધિ તથા શિલાસ્થાપના પ્રસંગે રાણપરના શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો અને નિયાણી બહેનો તથા સર્વે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને સહપરિવાર પધારવા આગ્રહભર્યું નિમંત્રણ છે અને આ પાવન પ્રસંગને પોતાનું સમજી, વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી થવા નમ્ર વિનંતી છે.

શા. કુંવરજી શામજી વિકમસીએ જિનાલય બંધાવ્યું હતું અને સંવત ૧૯૫૨ના વૈશાખ સુદ-૫ના શ્રી મહાવીરસ્વામીજીની પ્રતિષ્ઠા કરી હતી.

રાણપર મુકામે ખનનવિધિ ચૈત્ર વદ-૧૨ ને **મંગળવાર, તા. ૦૩.૦૫.૨૦૧૬**ના તથા શિલા સ્થાપના ચૈત્ર વદ-૧૩ને **બુધવાર, તા. ૦૪.૦૫.૨૦૧૬**ના રોજ નિર્ધારિલ છે.

### કાર્યક્રમ

**મંગળવાર તા. ૦૩.૦૫.૨૦૧૬ (સવારના)**

૦૪.૩૦ કલાકે સ્નાત્રપૂજા સંક્ષિપ્ત પાટલા પૂજન
૦૫.૩૦ કલાકે ખનનવિધિ
૦૬.૦૦ કલાકે આરતી-મંગલદીવો

**બુધવાર તા. ૦૪.૦૫.૨૦૧૬ (સવારના)**

૦૮.૦૦ કલાકે સ્નાત્રપૂજા
૦૮.૩૦ કલાકે શ્રી નવગ્રહાદિ પાટલા પૂજન
૦૯.૩૦ કલાકે શ્રી શિલા સ્થાપના વિધિ

જે કોઈ જ્ઞાતિજન ઉપરોક્ત પ્રસંગે રાણપર પધારવા ઈચ્છુક હોય તેમણે કેટલા જણ પધારશે તેની જાણ ટ્રસ્ટના કાર્યાલયે કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે. તો ચાલો, આપણા માદરેવતન કચ્છ જવા તૈયાર થઈ જાઓ અને આ પુનિત પ્રસંગમાં સહયોગી અને સહભાગી થઈ પુણ્ય ઉપાર્જન કરો.

**લિ. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર**

**ભુલ સુધાર :** પ્રકાશ સમીક્ષાના અંક નં. ૧૩ (૨૮ માર્ચથી ૩ એપ્રિલ ૨૦૧૬) ના અંકના પાના નં. ૫ પર છપાયેલ અનંતનાથ ટ્રસ્ટ દ્વારા કુમઠા - વાલગીરી દેરાસરજીની ધ્વજા મહોત્સવના અહેવાલની જા. ખ. ના ત્રીજા ફકરા (ઉછામણીની વિગત પછી) (હુબલીથી લગભગ......સન્માન કરેલ) ની બીજી લાઈનમાં ''શ્રી અનંતનાથજી ટ્રસ્ટે શ્રી હુબલી મહાજન તથા શ્રી કાંતિલાલભાઈ'' એમ લખ્યું છે ત્યાં ''શ્રી હુબલી મહાજન તથા **શ્રી ગદગ મહાજનના પ્રતિનિધિઓનું શાલ તથા શ્રીફળ અર્પીને બહુમાન કરેલ તેમજ કુમઠાના મહેતાજી** શ્રી કાંતિલાલભાઈ'' એમ જોઈએ.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ – પંચગીની
સંપર્ક : 08879677709



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### પ્રતિક્રમણ વિધિ

**પ્રશ્ન :** પ્રતિક્રમણની સામાન્ય વિધિ શું છે?

**ઉત્તર :** પ્રતિક્રમણ એ પાપથી પાછા હટવાની એક શાસ્ત્રાક્ત વિધિ છે. આ વિધિ છ આવશ્યક સહ કરવામાં આવે છે. આ છ આવશ્યક આ પ્રમાણે છે –

**૧. સામાયિક આવશ્યક :** પોતાના પાપોને જોવા અને જાણવા સમતા ભાવમાં સ્થિર થવાની આવશ્યકતા છે એ માટે પ્રથમ સામાયિક લેવાની વિધિ છે.

**૨. ચઉવિસત્થો આવશ્યક :** કોઈ પણ કાર્યનો પ્રારંભ કરતાં પહેલા દેવ-ગુરુને વિધિ પૂર્વક વંદન કરવાના છે. ચોવિસ તીર્થંકરોને વંદના તે ચઉવિસત્થો આવશ્યક છે. કરવી તે વાંદણા નામે

**૩. વંદના (વાંદણા) આવશ્યક :** ચોવિસ તીર્થંકરોને વંદન કરવા પછી વાંદણા સૂત્ર દ્વારા ગુરુ વંદના કરવી તે વાંદણા નામે ત્રીજું આવશ્યક છે.

**૪. અતિચાર (પ્રતિક્રમણ) આવશ્યક :** દિવસ/રાત્રી સંબંધી લાગેલા દોષોને ગુરુ (સ્થાપના) સાક્ષીએ યાદ કરવા - સ્વીકાર કરવા તે ચોથું અતિચાર (પ્રતિક્રમણ) આવશ્યક છે.

**૫. કાઉસગ્ગ (કાયોત્સર્ગ) આવશ્યક :** લાગેલા અતિચારથી મલીન થયેલા આત્માના શુદ્ધિકરણ માટે શુદ્ધાત્મા સ્વરૂપ ચોવિસ તીર્થંકરોના વંદના માટે લોગસ્સદ્વારા કાઉસગ્ગ (કાર્યોત્સર્ગ) કરાય છે તે પાંચમું કાઉસગ્ગ (કાયોત્સર્ગ) નામે આવશ્યક છે.

**૬. પચ્ચક્ખાણ આવશ્યક :** આત્માની શુદ્ધિકર્મ નિર્ઝરા દ્વારા થાય છે. નિર્ઝરા તપથી થાય છે. તે માટે આત્મશુદ્ધિ માટે પ્રતિક્રમણના અંતે ચાર આહારના ત્યાગ સ્વરૂપ ચોવિહારનું દેવાસિક પ્રતિક્રમણમાં તથા નવકારસી - પોરાસે આદિનું પચ્ચક્ડળ રાઈ પ્રતિક્રમણમાં લેવામાં આવે છે. તે પચ્ચક્ખાણ નામે છઠ્ઠું આવશ્યક છે.

આ છ આવશ્યક સામાન્ય ફેરફાર સાથે એવં પરપરાથી આવના સામચારી ભેદ સાથે સર્વ ગચ્છ - સંપ્રદાયોમાં સ્વીકાર્ય માનવામાં આવ્યા છે.

ઈરિયાવહી, લાગસ્સ, મુહપાત્તેબોલ, વાંદણાદિ સૂત્રો ગણધર રચિત છે એ કોઈ ગચ્છના નથી એમાં સર્વત્ર સમાનતા જોવા મળે છે.

જે ગચ્છો કે સંપ્રદાયોએ પોત - પોતાની મતિ પ્રમાણે એમાં ફેરફાર કર્યા છે.... શ્રાવકોને સાધુ સાથે ભેળવવા સાધુના પ્રતિક્રમણ સૂત્રો શ્રાવકોના પ્રતિક્રમણમાં ભેળવ્યા છે એ એમનું પોતાનું (ગીતાર્થો?નું) પરિવર્તન છે આગમો એને સ્વીકારતા નથી. પરંતુ અચલગચ્છ આગમ પરંપરાને માન્યતા આપતું હોવાથી તે પાછળથી કરવામાં આવેલા ફેરફારોને સ્વીકારતું નથી. તેથી તે અન્ય સંપ્રદાયો - ગચ્છાથી જુદો પડે છે. આગમ પરંપરાને વફાદાર રહેવું કે પાછળથી આવેલા ફેરફારોને માન્યતા આપવી? એનો પ્રાજ્ઞ શ્રાવકોએ નિર્ણય કરવાનો છે.

**પ્રશ્ન :** તપસ્યા હોય અથવા ગરમ (ઉકાળેલું) પાણી વાપરતા હોઈએ અને લાંબી મુસાફરી હોય તો ઉકાળેલા પાણીના સ્થાને શું વાપરી શકાય?

**ઉત્તર :** ઉકાળેલું પાણી વાપરવાનું કારણ એ પાણી અચિત્ત - પ્રાસુક બને છે. પાણીને અચિત્ત કરવાનો મુખ્ય ઉપાય પાણીને ઉકાળવું એ છે. એના માટે જ પ્રયત્ન કરવાનો છે. પરંતુ અનિવાર્ય સંજોગોમાં જો પાણીને ઉકાળવાની અનુકુળતા ન જ થાય તો કાચા પાણીને અચિત્ત બનાવવા. પાણીમાં ગોળ, ખાંડ, સાકર આદિ નાંખી શકાય છે. લઘુ પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે કે - કાચા પાણીમાં ગોળ, ખાંડ, સાખર વિગેરેના પડવાથી વર્ણ, ગંધ,


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

શ્રી મુળજી રાઘવજી લોડાયા

MRL Group of Companies



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

રસ અને સ્પર્શના થયેલા પરિવર્તનના પ્રભાવથી તે પ્રાસુક (અચિત્ત) થયેલા પાણીનો કાળ ચોમાસામાં ત્રણ પ્રહર (૯ કલાક), શિયાળામાં ચાર પ્રહર (૧૨ કલાક) અને ઉનામાં પાંચ પ્રહર (૧૫ કલાક) જાણવો. એથી એમ સમજી શકાય છે કે જેમને તપસ્યા ન હોય તે ઉપરોક્ત અચિત્ત જળનો ઉપયોગ કરી શકાય. કાચા પાણીમાં ગોળ – ખાંડ આદિ નાંખ્યા પછી બે ઘડી એટલે ૪૮ મિનિટ પછી પાણી અચિત્ત થાય. પછી જ વાપરી શકાય છે.

પરંતુ જેમને તપસ્યા ચાલતી હોય એમને ઉપરોક્ત પાણી કામ ન આવે. એમને ત્રિફળાનું પાણી વાપરવું કલ્પે. હરડે – બેડા – આમળાનું ચૂર્ણ ત્રિફળા ચૂર્ણનામે ઓળખાય છે. આ ચૂર્ણ પાણીમાં નાંખવાથી પાણી અચિત્ત બને છે. એના વર્ણ – સ્વાદ બદલી જાય છે. આ પાણી ચૂર્ણ નાંખ્યા પછી બે ઘડી (૪૮ મિનિટ) પછી અચિત્ત બને છે. આ પાણી પીવામાટે એક દિવસ ચાલે છે. તથા વાપરવામાં ચોવીસ પ્રહર ચાલે છે.

ચુનો – રાખાદિ પાણીમાં નાંખીને પણ વપરાય છે એમ સાંભળ્યું છે. ચુનાનું પ્રમાણ વધારે થાય તો મોઢાંમાં છાલા પડે છે. રાખનું પાણી અડતાલીસ મિનિટ પછી અડતાલીસ મિનિટ જ ચાલે છે.

સહુથી ત્રિફળા ચૂર્ણવાળું પાણી શ્રેષ્ઠ છે અને ચોવિહારમાં પણ વાપરી શકાય છે.


**ARIHANT BANK**

**SHRI ARIHANT CO-OP. BANK LTD.**

Estd 1984

Head Office GB 10 A & 10 B, Karma Stambh, L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083. • Tel.: 2579 9326

**શ્રી અરિહંત કો-ઓ. બેંક લિ.ની ચુંટણી પ્રક્રિયા શરૂ.**

મુંબઈ તા. ૧ એપ્રિલ ૨૦૧૬, શ્રી અરિહંત કો-ઓ. બેંક લિ. વિક્રોલી, મુંબઈ - ૪૦૦ ૦૮૩. બેંકના બોર્ડ ઑફ ડાયરેક્ટર ની **પંચવાર્ષિક ચુંટણી પ્રક્રિયા (સન ૨૦૧૬–૨૦૨૧)** શરૂ થઈ ગયેલ છે. ઈચ્છુક ઉમેદવારોએ, ઉમેદવારીના અરજી પત્રક ભરવાની સમય મર્યાદા તા. ૧ એપ્રિલ ૨૦૧૬ થી તા. ૫ એપ્રિલ ૨૦૧૬ સુધી, સવારે ૧૧ કલાક થી બપોરે ૨ કલાક સુધી છે. તો ઈચ્છુક ઉમેદવારોએ રિર્ટનીંગ ઑફિસર કાર્યાલય, શ્રી અરિહંત કો-ઓ. બેંક લિ. (હેડ ઑફિસ) જીબી ૧૦, એ અને બી કર્મ સ્તંભ, એલ.બી.એસ. માર્ગ, વિક્રોલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૩. સ્થળે સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

ચુંટણી સંબંધીત કાર્યક્રમની વિગતવાર માહિતી ની કૉપી બેંક ની હેડ ઓફિસ તથા સર્વ શાખાઓમાં નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.

ચીફ એજ્યુકેટીવ ઑફિસર

**શ્રી અરિહંત કો-ઓ. બેંક લિ.**



।। શ્રી મોમાઈ માતાજી નમઃ ।।

**શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંચરા) હાર્દિક આમંત્રણ**

સહર્ષ જણાવવાનું કે સાંચરામાં બિરાજમાન આપણા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની છઠ્ઠી સમુહ પહેડી મુંબઈ મધે સવંત ૨૦૭૨ ચૈત્ર સુદ ૧૧ ને રવિવાર, તા. ૧૭/૦૪/૨૦૧૬ના શુભ દિવસે આયોજીત કરવામાં આવેલ છે.

**❖ લાભાર્થી દાતા પરિવાર ❖**

**માતુશ્રી લક્ષ્મીબાઈ રતિલાલ ખીમજી મોમાયા પરિવાર** (સાંચરા હાલે ડોમ્બીવલી)

હસ્તે – **અ.સૌ. પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા પરિવાર તથા**

હસ્તે – **અ.સૌ. નિરંજનાબેન કિશોર મોમાયા પરિવાર તથા**

**પ્ર.પૌત્રી ચિ. ધ્રુવિકા અને પ્ર.પૌત્ર ચિ. ધ્રુવાન્સ પરાગ મોમાયા**

**❖ શુભ સ્થળ ❖**

શ્રી કપોળવાડી, એમ.જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

**❖ સમય અને તારીખ ❖**

તા. ૧૭/૦૪/૨૦૧૬, રવિવાર સવારના ૮ કલાકથી

**સાંચરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા ભાવિકો સહપરિવાર એવમ્ નિયાણી બહેનો દિકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

નોંધ : કાળા વસ્ત્રો પહેરીને ન આવવા કાળજી લેશોજી

**સંપર્ક : શ્રી હીરાચંદભાઈ મોમાયા** (ઘાટકોપર) 098703 36826

| | | | | | |
|---|---|---|---|---|---|
| **શ્રી ધનપતિભાઈ મોમાયા** | (જલગામ) | 094231 85716 | **શ્રી પંકજભાઈ મોમાયા** | (ઘાટકોપર) | 098201 43287 |
| **શ્રી મહેન્દ્રભાઈ મોમાયા** | (રાજકોટ) | 090997 00444 | **શ્રી પ્રવિણભાઈ મોમાયા** | (સેંધવા) | 094250 89966 |
| **શ્રી ભદ્રેશભાઈ મોમાયા** | (મુલુન્ડ) | 098331 31359 | **શ્રી શ્રેણીકભાઈ મોમાયા** | (મુલુંડ) | 093237 85320 |

**નિમંત્રક : ભોઈમાં જયાબાઈ નવિનચંદ મોમાયા તથા મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## જયશ્રીબેન પ્રદીપ નરશી સાયલા

ગામ : મંજલ રેલડીયા • મુંબઈ : મસ્જીદબંદર

દેહત્યાગ : ૨૮.૦૩.૨૦૧૬

આયુષ્યના અંતિમ રહસ્યો કોઈ જાણતું નથી. ''હોવુ'', ''રહેવું'' અને ''જવું'' એટલે ''આગમન'', ''સ્થા'' અને ''પ્રસ્થાન'' તે ઉત્ક્રાંતિના નિયમો છે. એ સમયની વાસ્તવિકતાને આપણે સ્વીકારવીજ પડશે.

સ્નેહ શાંતમૂર્તિ **જયશ્રીબેન પ્રદીપ સાયલા**ના દુઃખદ નિધન બદલ અમે શોકની લાગણી અનુભવીએ છીએ.

જન્મ અને મૃત્યુ એ સંસારનો સનાતન ક્રમ છે. પરંતુ જયશ્રીબેને ધર્મપારાયણતા, જૈન ધર્મ પ્રત્યે અનન્ય શ્રધ્ધા તથા સૌ જીવો પ્રત્યે કરૂણાભાવ અને વાત્સલ્યતાસભર જીવન વડે માનવદેહને ઉજાગર કર્યો, જેનું ગૌરવ અનુભવી શકાય.

પ્રભુ, તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પો અને સૌ પરિવારજનોને તેમનો વિયોગ સહન કરવાની શક્તિ અર્પે એ જ પ્રાર્થના સહ એમના દિવ્ય આત્માને ભાવભીના શ્રદ્ધા સુમન.

લિ : **જીવરાજ મુરજભાઈ નાગડા પરિવાર** (હાલ-બારસી, ગામ-નલીયા)

**મધુરીબેન સોમચંદ નાગડા**
**માલતીબેન પુનમચંદ નાગડા**
**માનકુંવરબેન નવીનચંદ્ર લાલકા**
**દર્શનાબેન કીર્તિકુમાર નાગડા**

**કુસુમબેન મોહનલાલ નાગડા**
**જ્યોતીબેન ફતેહચંદ નાગડા**
**ગં. સ્વ. પ્રવિણાબેન મણીલાલ ડાઘા**

## ગુરૂ ગુણોદય સુવર્ણ વર્ષીતપ મહોત્સવ અને સિધ્ધાચલ મહા અભિષેક : સ્પે. ટ્રેન



અચલગચ્છાધિપતિ આ.ભ.પ.પૂ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના સંયમજીવનમાં છેલ્લા ૪૯-૪૯વર્ષથી અવિરત થઈ રહેલ વર્ષીતપનું આગામી વર્ષ ૫૦મું વર્ષ હોઈ, એના ઉલપક્ષમાં સંપુર્ણ સિધ્ધાચલ ગીરીરાજના અભિષેકનો આદેશ કલ્યાણજી આનંદજી પેઢીથી મેળવી, છેરી પાલક સંઘ સહિત થયેલ વિરાટ આયોજન ઉપરાંત આગામી સુવર્ણ વર્ષીતપ વર્ષમાં પૂ. ગુરૂદેવ સાથે તપમાં જોડાવવા તેના ઉચ્ચારણ માટે સૌ સહેલાઈથી પાલીતાણા પંહોચી શકે તે માટે તા. ૨૯-૩-૨૦૧૬ના ક.દ.ઓના બે ડબ્બા સહિત ૨૪ ડબ્બાની એક ચાર્ટડ સ્પેશલ ટ્રેનનું આયોજન થયું હતું. તેની સંપૂર્ણ વ્યવસ્થા જૈન જગત અને ક.દ.ઓ સમાજના જાણીતા આગેવાન શ્રી ચીમન મોતા, મે. તન મન ટુર્સને સોંપાયેલ.આ ટ્રેનનું મંગળ પ્રયાણ અનેક મહાનુભાવોની હાજરીમા થયું. સમસ્ત ભારત અચલગચ્છના પ્રમુખશ્રી શામજી નરશી દંડ અને મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતાએ તેમજ અન્ય અચલગચ્છીય આગેવાનોએ આ ટ્રેનને લીલી ઝંડી બતાવી મુંબઈથી બિદાય આપી હતી.

---

## શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

જિન શાસનના તત્વજ્ઞાન પદાર્થવિજ્ઞાન, ઈતિહાસ, ભુગોલ કર્મ વિજ્ઞાનાદિના જ્ઞાનને પિરસતા અભ્યાસક્રમમાં જોડાઈને મળેલી તકને વધાવી લેવા સહુને હાર્દિક આમંત્રણ છે.

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની શુભ આજ્ઞા એવં આશીર્વાદથી તથા આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. તથા શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. ની પ્રેરણા-માર્ગદર્શનથી છેલ્લા ચાર વરસથી ઉપરોક્ત અભ્યાસક્રમ ચાલુ છે. સારી સંખ્યામાં પૂજ્ય મુનિ ભગવંત એવં પૂજ્ય સાધ્વીજી ભગવંત સહ ચતુર્વિધ શ્રી સંઘના જ્ઞાનનો લાભ મળી રહ્યો છે. ભાગ લેનાર સહુ ધન્યવાદ અને અનુમોદનાને પાત્ર છે.

ત્રણ વરસનો બેચલર ઓફ જૈનિગુમનો અને આગળ બે વરસનો માસ્ટર ઑફ જેનિગુમ નો કોર્સ છે.

આ વરસની કેન્દ્ર પરીક્ષા તા. ૨૪ એપ્રિલના પિસ્તાલીસ કેન્દ્રો ઉપર આયોજિત કરવામાં આવી છે.

આવતા વર્ષ માટે પ્રવેશ ચાલુ થઈ ગયેલ છે. તા. ૧૫ મે સુધી પ્રવેશ લઈ લેવા વિનંતી છે. નુતન વર્ષના અભ્યાસક્રમનો પ્રારંભ ૧ લી જુનથી થશે.

સંપર્ક -w.w.w.shatrunjayacademy.com તથા સૌ કાશ્મીરાબેન લોડાયા - ઔરંગાબાદ - ૦૨૪૦૨૩૩૬૪૭૫, સૌ. શિલ્પાબેન અજાણી - અંધેરી - ૯૮૨૧૧૧૩૩૩૮, સુ. શ્રા. લતાબેન વીકમશક્ષ - મસ્જીદબંદર - ૯૩૨૩૯૪૪૧૧૭, કુ. હેતલ શિયાલ - ચાલીસગામ - ૯૮૯૦૭૦૨૫૬૮


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજીની વર્ષીતપ આરાધના ૫૦મા સુવર્ણ વર્ષીતપમાં પ્રવેશી તે બદલ તેમને કોટી કોટી વંદના ! તેમની સાથે વર્ષીતપનું ઉચ્ચારણ કરનાર ૧૦૦૦થી વધુ વર્ષીતપ આરાધકોની ભાવભેર અનુમોદના !

*તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની

★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

# સમસ્ત મહાજનની ૨૦૧૬-૨૦૨૧ મુદાની મહાસમિતિ રચાઈ





સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનની મહાસમિતિની રવિવાર, તા. ૨૭-૩-૨૦૧૬ના ભાંડુપ અનંત સિધ્ધિના શેઠ નરશી નાથા એ.સી, સભાગૃહમાં થયેલી બેઠકમાં બંધારણીય કલમોનો આશ્રય લઇને ૧લી એપ્રિલ ૨૦૧૬થી ૩૧મી માર્ચ ૨૦૨૧ની પાંચ વર્ષની મુદત માટેની મહાસમિતિની રચના કરવામાં આવી. ૧૧૬માંથી માત્ર ૧૬ મહાજનોએ મહાસમિતિ માટેના પોતાના નામ સમયસર મોકલ્યા, અન્ય ૪૬ મહાજનોએ વારંવાર વિનંતીઓ થઈ પછી મોકલ્યા ૫૪ જેટલા મહાજનોના નામ સ્થાનિક સહભાગ વગર નક્કી થયા

મહાસમિતિના અડધા જેટલા સભ્યો બંધારણીય જોગવાઈ પ્રમાણે નીમાયા હોવાથી તેઓ સેક્રેટરી જનરલના સહયોગે એકબીજાને જાણીને પોતપોતના વિસ્તારના ટ્રસ્ટીઓ નક્કી કરી શકે તે માટે ટ્રસ્ટીઓ સૂચવવાનું કામ મહાસમિતિથી અલગ પાડી વિકેન્દ્રીત રીતે કરવાનું નક્કી થયું હતું. ૩૧મી માર્ચ ૧૬ના નિવૃત થનારી મહાસમિતિની બેઠકમાં વર્ષે ૨૦૧૪-૨૦૧૫ના ઓડિટ હિસાબોને બહાલી અપાઈ હતી.

**સમસ્ત મહાજને શ્રી કિરીટ લાપસીયાના સહયોગથી સામુદાયિક આકસ્મિક વીમા યોજના આગળ ધપાવી.**

સમસ્ત મહાજનનની મહાસમિતીની રવિવાર તા. ૨૭-૩-૨૦૧૬ના ભાંડુપ ખાતે શેઠ નરશીનાથા એ.સી. હોલમાં મળેલી બેઠકમાં જાહેરાત થઈ કે શ્રી કિરીટ લાપસીયાએ ઉમળકા ભેર આર્થિક સહયોગ જાહેર કરતા સમસ્તની સામુદાયિક આકસ્મિક વીમા યોજના નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં પણ ચાલુ રહેશે. મહાસમિતિએ એ જાહેરાતને તાળીથી વધાવી શ્રી કિરીટ લાપસીયાના સુકૃતની અનુમોદના કરી હતી.

## જાહેર સભારંભમાં અતિશોક્તિ

જાહેર સભારંભોમાં જ્ઞાતિના કેટલાક મોટા માણસોને મંચ ઉપર બિરાજમાન કરવામાં આવે છે. આ મોટા માણસોનો પરિચય કરાવતી વખતે સંભારંભ સંચાલક એમના માટે વિશેષણોનો એટલો બધો અતિરેક કરી નાખે છે કે એમને ''ભગવાન'' તરીકે ઓળખાવે છે. કેટલાક સભારંભોમાં ઢોલ શરણાઈ વગાડીને પાઘડી પહેંરાવામાં આવે છે પછી જે ભાટાઈ અને ચારણાઈનો અતિરેક્ત એટલો કરવામાં આવે છે, કે ફક્ત મોટા માણસોના જોડા ઉપાડવાનું બાકી રહે છે.




આને શું કહેવું ? આથી જ્ઞાતિની ગરિમા પણ ઝાંખવાય છે, અને આવનાર પ્રેક્ષકવર્ગનું  જોણું થાય છે. આશા છે કે સભારંભ સંચાલકો 'જ્ઞાતિ મૈયા'ની ગરિમા જાળવશે.

**- ઉદય લાલજી શાહ, મુલુંડ**

## ધ્યેયપૂર્તિની દિશામાં આગેકૂચ

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાના અંક ૧૦ માં હાલ ૮૯ મો વર્ષ ઉજવવા ભાગ્યશાળી થયેલ, જ્ઞાતિની ખાનદાની ચાર્ટર્ડ એકાઉન્ટ પેઢી શરૂઆતના વરસોની અમૂલ્ય મુડીના યાદગાર સંસ્મરણો રહ્યા છે

આમતો શ્રી શીવજીભાઈ સાથે નીકટનો સંબંધ આપણી પ્રતિભા ઉભરીને નીખરી સાથે સુપુત્રોને દીવાદાંડીની ગરજ સારી. શ્રી કમલેશભાઈની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી અને રામને પગલે લક્ષ્મણ કેડી કંડારે તેમ શ્રી નિલેશભાઈએ પણ પગરણ માંડ્યા. ધ્યેયપૂર્તિની દિશામાં આગેકૂચ કરનારાઓની જેટલી આરતી ઉતારીએ તે ઓછી છે.

જ્ઞાતિને નેત્ર દીપક બીના સરળ શૈલીમાં માન્યવર ત્રિપુટીની રંગીન તસ્વીરો સાથે મુખપુષ્ઠ પર છાપી પ્રસિધ્ધ કરવા તંત્રીશ્રીઓને ખૂબ ખૂબ ધન્યવાદ !

**- કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ**


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391  મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ

Originally at Zaveri Bazar since 1976

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈએ જ્ઞાતિની પખાવાજ કલાના સંવર્ધનનો સંકલ્પ જાહેર કરીને પખાવાજ સ્પર્ધાને અવિસ્મરણીય બનાવી દીધી.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા રવિવાર, તા. ૧૩/૩/૨૦૧૬ના ભાંડુપ અનંત સિધ્ધિના શેઠ નરશીનાથા હૉલ ખાતે જ્ઞાતિની પખાવાજ કલાના સંવર્ધન કાજે પખાવાજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પર્ધા કરનાર ટીમોમાંથી અનંત મિત્ર મંડળ-ભાંડુપ એ પ્રથમ સ્થાન, વરાડીયા જૈન મિત્ર મંડળે દ્વિતીય સ્થાન, શ્રી ક.દ.ઓ. સમાજ વડોદરાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.





ચંદ્રપ્રભુ પખાવાજ મંડળ લાલા, શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-તેરા, અચલગચ્છ જૈન મિત્ર મંડળ આદિએ પણ રમઝટ જમાવીને જૂના દિવસોની યાદ તાજી કરાવી હતી તેમજ આ કલા આજે પણ જ્ઞાતિમાં જીવંત છે અને યુવા પેઢી પણ તેમાં રૂચિ લઈ રહી છે તેની પ્રતિતિ કરાવી હતી.

મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતાએ મહાજન દર વર્ષ આ પ્રકારની સ્પર્ધા યોજશે એવી જાહેરાત કરી હતી.

આયોજનને સફળ બનાવવા ભાંડુપ સંઘે ખાસ જહેમત લીધી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી કુમાર દડે કર્યું હતું. અચલગચ્છના પ્રમુખ શ્રી શામજીભાઈ દડે વિજેતાઓનું સન્માન કરી તેમને એવોર્ડ આપ્યા હતા. પખાવાજ મંડળીઓને પાનો ચડાવવા જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

















# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈએ દેશભરની ૪૨ વિરલ નારી પ્રતિભાઓને નારી દિન નિમિત્તે સન્માન સ્ત્રી સશક્તિકરણનો નવો અધ્યાય શરૂ કર્યો.**




વાસંતી કિરીટ લોડાયા (ભોજાય-ભાંડુપ) | દિવા સુરેશ મોમાયા (વરાડીયા-કાંજુર માર્ગ) | સુજાતા ઉત્તમચંદ મૈશેરી (જખૌ-કોચીન) | પદ્મિની વિસનજી મોમાયા (ગોધરા-કોચીન)વતી

નિલીમા દિપક લોડાયા (પ્રાગપર - કાંજુરમાર્ગ) | જયશ્રી જીતેન્દ્ર ફુરીયા (ગોધરા-અમદાવાદ) | અલ્પા ગૌતમ ધરમશી (કોઠારા-બેંગલોર) | હેતલ લહેરચંદ મૈશેરી (લાલા-ભાંડુપ)

રક્ષા રિખીલેશ મોમાયા (વરાડીયા-નવી મુંબઈ) | શૈલા નરેન્દ્ર લોડાયા (બારોઈ-જલગાંવ) | પુષ્પા વિજય વોરા (રંગપુર-જામનગર) | રમીલા હિંમતલાલ લોડાયા (મોટી ખાખર-કલવા)

હીરવા સુમીત ખોના (જખૌ-વડોદરા)વતી | ટ્વિંકલ હેમેન્દ્ર નાગડા (નલીયા-ડોંબીવલી) | હિના ભરત મોમાયા (નલીયા-થાણે) | સાચી સમીર ધરમશી (સુથરી-સિલવાસા) | પ્રીતી મિતેષ લોડાયા (નલીયા-બેંગલોર) | ખ્યાતી પુનીત ધરમશી (નલીયા-નવી મુંબઈ)વતી

સંગીતા પંકજ સોની (સુથરી-મુલુંડ) | રૂપલ પરસોત્તમ નાગડા (નલીયા-કાંજુરમાર્ગ) | ધારીણી પ્રતાપ મોતા (રાયધણજર-ભાંડુપ) | એકતા હિરાચંદ દંડ (જૈન) (મંજલ-મલાડ) | જસ્મીન ચેતનકુમાર મોમાયા (જખૌ-ઘાટકોપર) | ડૉ. રાહી જવેરચંદ નાગડા (જખૌ-ઘાટકોપર) | ડૉ. ઈલા વેરશી મૈશેરી (નાની સિંધોડી-પુનામ્હી) | ડૉ. યોગીની વેરશી મૈશેરી (નાની સિંધોડી-પુનામ્હી)

વીણા નાગડા (પત્રાવી-મલાડ) | ચેતના હિતેશ મોમાયા (જખૌ-જલગાંવ) | પન્ના નિતીન મોમાયા (તેરા-અમદાવાદ) | પરિતા મનીષ છેડા (નલીયા-થાણે) | ડૉ. મહીમા મોહીત દંડ (તેરા-દુબઈ) | ઉર્મિલા પ્રમુખભાઈ વાલાણ (મોટી ખાખર-થાણે) | લતા જયંત દંડ (છાડુરા-ફુલીયા) | પ્રીતી પ્રકાશ લોડાયા (સાંધવ-થાણે)

એડ. જયશ્રી જીતેશ મોતા (સાભરાઈ-દેહરાદૂન)વતી | એડ. મીનલ ભરત ખોના (સુથરી-નવી મુંબઈ) | નિયતી નિતીન નાગડા (તેરા-મુલુંડ) | રાજુલ લક્ષ્મીપતી લોડાયા (નલીયા-ઘાટકોપર) | હિરલ મિથુન જીવાણી (જખૌ-ડોંબીવલી) | કાશ્મીરા વિજય ગુડા (તેરા-કાંજુરમાર્ગ) | પુનમ નિશાંત ધરમશી (સુથરી-નવી મુંબઈ) | પ્રિયંકા જય પટેલ (નાગડા) (સાંધવ-થાણે)

॥ શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

ધર્મશાળા ફલિયો, નલિયા, તા. અબડાસા, કચ્છ પીન - ૩૭૦ ૬૫૫.

**વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૧ના કાર્યકાળ માટે મહાજનશ્રી દ્વારા યોજાયેલ**

**નલિયા ટ્રસ્ટ બોર્ડ તથા શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટની ચુંટણી**

તા. ૨૦-૩-૨૦૧૬ નલિયા ખાતે યોજાયેલ હતી.

**એમાં નીચે મુજબના ઉમેદવારો ચુંટાઈ આવેલ છે.**

## મુંબઈ એકમના ટ્રસ્ટીગણ



**શ્રી મનોજ**
ઝવેરચંદ લોડાયા
(અંધેરી)



**શ્રી પીનાકીન**
જેઠાભાઈ છેડા
(મુલુંડ)



**શ્રી દિનેશ**
માણેકજી મોમાયા
(ભઠારા - મુલુંડ)



**શ્રી દિલીપ**
રાયચંદ નાગડા
(વાશી)



**શ્રીમતી હીનાબેન**
મનોજ લોડાયા
(અંધેરી)



**શ્રીમતી માલીનીબેન**
ધમેન્દ્ર નાગડા
(બદલાપુર)

## સંપુર્ણ ભારત એકમના ટ્રસ્ટીગણ



**શ્રી મુલચંદ**
પદમશી મોતા
(બડગરા)



**શ્રી કમલેશ**
ભવાનજી લોડાયા
(માણાવદર)

## અન્ય કચ્છ એકમના ટ્રસ્ટી



**શ્રી મુકેશ**
હિરાચંદ દંડ
(ગાંધીધામ)

## નલિયા સ્થાનિક ટ્રસ્ટીગણ



**શ્રી મહેશ**
ખીમજી નાગડા



**શ્રી લખમશી**
પાસ્વીર મોતા

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલિયા** આયોજીત

**ગામવાસીઓ માટે મેડીકલ કેમ્પ તથા રક્તદાન શિબિરનું આયોજન**
**આ પ્રસંગે આપ સૌ નલિયાવાસીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ**

**રવિવાર, તા. ૧૦-૪-૨૦૧૬, સવારે ૮.૦૦ થી ૨.૦૦**

સ્થળ : શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળા, વી. પી. રોડ, મુલુંડ (વેસ્ટ)

**નીચેના દ્વારા તપાસણી કરવામાં આવશે.**

અનવિક્ષા લેબોરેટરી દ્વારા પેથોલોઝીકલ ચેકઅપ
ડૉ. ડી. ડી. ખોના દ્વારા ઈ.એન.ટી. ચેકઅપ
વાસન આઈ-કેર દ્વારા આઈ ચેકઅપ
થીંક ફાઉન્ડેશન દ્વારા થેલેસીમીયા ચેકએપ

(મેડીકલ કેમ્પમાં ભાગ લેનાર ગામવાસીઓ માટે ચા-નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે.)


: રજીસ્ટ્રેશન માટે સંપર્ક :

| | | | | | |
|---|---|---|---|---|---|
| હીના લોડાયા | ૯૮૨૦૩ ૧૮૩૪૫ | મયુર દંડ | ૯૮૨૦૯ ૮૦૭૭૬ | વીણા નાગડા | ૯૯૬૭૬ ૬૬૩૮૦ |
| માલિની નાગડા | ૯૭૭૩૬ ૦૦૮૬૦ | દીપેશ મોમાયા | ૯૩૨૩૦ ૦૩૦૩૨ | લહેરચંદ છેડા | ૯૦૦૪૩ ૮૯૨૨૨ |
| ભાવના ખોના | ૯૯૮૭૮ ૩૯૦૦૯ | ફાલ્ગુન ખોના | ૯૮૨૦૬ ૨૦૪૯૯ | નીલમ નાગડા | ૯૮૩૩૮ ૪૮૪૦૩ |

લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલિયા, ટ્રસ્ટીગણ

# વહીવંચા અને આપણો ઈતિહાસ

- **રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) - 098203 36767



શંભુદાન શામજી બારોટ (ભટ્ટ)

વહીવંચાની જુની પેઢીના વિદ્વાન બારોટ શંભુદાન શામજી બારોટ - જામનગરના હતા. જેમની પાસે આપણી જ્ઞાતિનો ઘણો ઈતિહાસ હતો તેમણે ઘણા લેખો હાલારી વીસા ઓશવાલ સમાજનાં મેગેઘીન ''ઓશવાલ બંધુ''માં લખ્યા હતા. જાજરમાન વ્યક્તિત્ત્વ, ચારણી, પિંગલ સાહિત્યનાં મરમી, પ્રાકૃત અને વ્રજભાષાનાં જાણકાર, જુની લિપિ ઉકેલનાર, જામનગર રાજ્યના રાજકવિ, આકાશવાણી અને ટી.વી. ના કલાકાર અને પ્રખર વાર્તાકાર હતા.

ગુજરાતી પ્રોડક્શન ''ગોરી ઘેલો કાન''ની પટકથા એમણે લખેલી, જસમાં ઓડણની પ્રચલિત વાર્તાની નૃત્ય નાટિકા ગુજરાતી ટી.વી. પર પ્રસ્તુત કરેલ. ઢોલા મારૂની નૃત્ય નાટિકા એમણે બનાવેલ. તેઓ સારા શીઘ્ર કવિ હતા અને ડાયરાઓમાં પણ રંગત જમાવતા. ગામડે આવતા ત્યારે અનેક દિવસ રોકાતા અને રોજ રાત્રે શૌર્યરસ અને કરૂણરસની વાર્તાઓ માંડતા અને જેમને સાંભળવા ગામ આખું ભેગું થતું અને ક્યારેક આવી વાર્તાઓ વહેલી પરોઢ સુધી ચાલતી.

આપણી જ્ઞાતિ ઉપર એમને અપાર માન હતું અને આપણું ઘણું સાહિત્ય એમને કંઠસ્થ હતું. તેઓ કહેતા કે લોકો એમ માને છે કે, ''પુરૂ નાણું તે નાણું, પોણું નાણું તે દાગિના, અરધુ નાણું તે કપડા, અને પા નાણું તે પાણા'' રોકડ સ્વરૂપે નાણાની પુરી કિંમત છે, ઘરેણામાં રોકેલા નાણાની પોણી કિંમત છે કારણ અન્ય ધાતુની મેરવણ અને ગળામણને લીધે પુરી કિંમત ન આવે, ઉચ્ચ ઝરી, સોનાના તારવાળા વસ્ત્રોમાં રોકેલ નાણાની કિંમત અરધી ગણાય તો પાણા (પથ્થર)માં રોકેલ નાણાનું મુલ્ય 'પા' (ચોથા) ભાગનું ગણાય. આ સમાજે ગણેલ કિંમત છે. ''તો શું તમારા વડિલો મુર્ખ હતા કે તેઓએ અઢળક રકમ લક્ષ્મીદેવી પ્રસન્ન થયેલ ત્યારે પથ્થરોમાં નાં મૂર્તિઓ - દેરાસરો - પાંજરાપોળોના નિર્માણા કરાવ્યા ? કારણ એમનામાં પ્રભુ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી અને તેથી પ્રભુ રીઝે તેવા કાર્યો કર્યા અને જીંદગીથી હતાશ થયેલાઓને ફરી બેઠા કરી શકે તેવી મૂર્તિઓમાં અને જિનાલયોના નિર્માણ કર્યા.'' એમની પાસેથી અને અન્ય બારોટો પાસેથી મેળવેલો ઈતિહાસ આપની સમક્ષ પ્રસ્તુત કરવાનો એક પ્રયાસ છે. જુની વહીઓ ઉકેલવી મુશ્કેલ છે અને બારોટની જીવાદોરી (કમાવવાનું સાધન) હોઈ વધારે સમય જોવા - વાંચવા ન આપે તે સ્વભાવિક છે એટલે વહીઓમાં રહેલી બધી માહિતી મળવી મુશ્કેલ છે.

આજથી ૧૫૦-૨૦૦ વરસ પહેલા પોલડિયા કુટુંબમાં દીકરીઓ જ જન્મતી હતી. દીકરો જન્મે નહીં. વડિલોને ચિંતા કુટુંબનો વેલો નહીં ચાલે. અનેક દેવદેવીઓની માનતાઓ બાધા આખડી રાખી. કઈક ભુવા, યતિ, પીર, ફકીર, જ્યોતિષોને


શ્રી શાંતિનાથાય નમો નમઃ

**સાંધવ નગરના ઓ ભાગ્યશાળી....**
**પુણ્યાનુંબંધી પુણ્યને વરનારા....**

સાર્ધ શતાબ્દીક મહોત્સવને ઐતિહાસિક બનાવનાર જગડુશા જેવા અન્નના દાતાર **શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા** અને શેઠ **શ્રી શામજી નરશી દંડ** ની અનુમોદના.

**પરેશ માણેકજી દંડ, સાંધવ** - ડોંબિવલી



જયશ્રી સચ્ચાઈ માં

**ખોના કુળગોત્રના શ્રી સચ્ચાઈ માનું સ્થાનક**
**ખોના ફલિયા - નલિયા (કચ્છ)**

**શ્રી સચ્ચાઈ માંની સમુહપેડી અષાઢી બીજ, બુધવાર, તા. ૬-૭-૨૦૧૬ ના સવારના રાખવામાં આવેલ છે.**

પહેડીપ્રસાદનો લાભ લેવા સૌ ભાવિકોને પધારવા વિનંતી.

સ્થાનિકે પધારનાર સૌ ભાવિકોએ ઉતારાની જાતે જ વ્યવસ્થા કરી લેવા વિનંતી.

-: સંપર્ક :-

| | | |
|---|---|---|
| **અમીત જેઠાલાલ ખોના** | ડોંબિવલી | 09321705511 |
| **લીતેશ હીરાચંદ ખોના** | ડોંબિવલી | 09619493472 |
| **ચેતન માણેકચંદ ખોના** | ગોરેગામ | 09324461894 |
| **ચીમનલાલ હીરજી ખોના** | માટુંગા | 09821069255 |
| **ફાલ્ગુન લખમશી ખોના** | ભાંડુપ | 09820620499 |
| **લલીત કુંવરજી ખોના** | ડોંબિવલી | 08551032561 |

(માતાજીના ભુવા)

પુછાવ્યું પરંતુ કોઈ નિકારણ ન થયું. સર્વે નિરાશ.

કુટુંબની વડિલ વૃધ્ધ માતાએ મા જગદમ્બા આશાપુરાનું શરણું લીધું અને માનતા કરી કે ''મારી પુત્રવધુને દીકરો જન્મશે તો એ દીકરાના બાલ મોવાળા (ઝંડા) માતાના મઢમાં ઉતારશું તેમજ માતા પર મુંડન કરાવશે તેમજ અમારા વંશ વારસો પણ તેમ કરશે.''

માતાજીએ પ્રાર્થના સાંભળી. માતાના મડે નમી વાળ ઉતરાવ્યા. સંવત ૧૯૩૨-૩૩ સુધી માતા પણ આશાપુરા સ્થાનકે મુંડન કરાવતી. પાછળથી આશાપુરા માતાના મહંત રાજાબાવાના કહેવાથી માતાનું મુંડન બંધ થયું. માત્ર એક લટ કપાવે છે.

**નોંધ ૧ :** પાંચો ઉર્ફે પચાણ આડતાણી પરિવાર લુણીમાં રહ્યો. તેના કેડવા કોરાણી જેવતાણી પૂંજા પરિવાર ગોએરસમા ગયા જ્યારે મેરગ જેવત પૂંજા પરિવાર તથા ગોસર વરજાંગ પૂંજા પરિવાર લુણીમાં જ રહ્યો. આસમલ આડતાણીનો પુત્ર વીરઘોર બાંએઠ વસ્યો અને દશામાં ભળ્યો. આસમલાણીનો પ્રપૌત્ર પોનાણી વીરમાણી બીરધોરાણી થયો જેનો પુત્ર ખીંયો પોનાણી ડુમરે વસ્યો. પોનાણીનો અન્ય પુત્ર હીરો તેનો રાજપાર અને તેનો પુત્ર પાંચારીયો હાલર મોટી ખાવડી ગયો.

**નોંધ ૨ :** સંવત ૧૯૪૮ ભાદરવા વદ ૬ના શા. વીરપાર દેવજી તથા દેવસી વીરપારાણીએ બાવનની નાવ જમાડી. સીરાનો જમણ કીધો. પરીઆને (પેઢી વાંચનારને) રૂા. ૧૦ તથા પેરામણી રૂા. ૨૫ ની દાન દીધી.

**નોંધ ૩ :** સંવત ૧૯૫૦ ના ભાદરવા સુદ ૬ ના બીરપાર તથા દેવસી વીરપાણીએ બેંતાલીસની નાત જમાડી. સીરાનો જમણ કીધો. પરીયાને રૂા. ૮ તથા પેરામણી રૂા. ૧૦ દીધી.

**નોંધ ૪ :** પોનાણી વીરમાણીનો પુત્ર (મેગો) મેરગ હતો. આ મેગાની પત્ની પુનબાઈ સંવત ૧૬૯૯માં પતિ મેગા વાંસે સતિ થયા.

**નોંધ ૫ :** અગાઉ આપણી નાતમાં જમણા મુખ્યત્ત્વે સીરા અને લાડુનાં રહેતા હતા. રસપુરીનું પ્રથમ નાત જમણ આપેલ. જેમની છાપ ખાંડવાલાની હતી. ભાંડૂપનો વિપુલ મણીલાલ લક્ષ્મીચંદ દામજી દેવસી વિરપાર દેવજી પરિવારનાં પૂર્વજ છે. વીરપાર દેવજીએ અનેક ધર્મકાર્યો કરેલ છે.

**નોંધ ૬ :** સંવત ૧૯૫૮ વૈશાખ સુદ ૧૧ ના શા. દામજી દેવસી વીરપારાણીનાં લગ્ન કોઠારાથી દંઢ જેઠાભાઈ નરશી કેશવજી નાયકના માંઢવેથી. આ પ્રસંગે બાવન ગામમાં નાત લાણી કીધી તથા મુંબઈ તથા હાલારના ગામમાં લાણી કીધી નંગ ૫૦૦૦.

**નોંધ ૭ :** સંવત ૧૯૭૦ કારતક સુદ ૧૪ વીરપાર દેવજી દેવગત પામીઆ તે વાસે પોતરા દામજી દેવસીએ બાવનની નાત જમાડી. મીઠાઈ જમણ. ડુમરો ધુંવાબંધ.

સંવત ૧૯૭૦ માગસર સુદ ૧૩ શ્રી દેવસી વીરપાર દેવગત પામ્યા તે વાંસે મુંબઈ નાત જમાડી. મોહનથાલ મીઠાઈનું જમણ.

**નોંધ ૮ :** ડુમરાના શા. વીરપાલ દેવજી પોલડિયા તથા આરીખાણાના શા. શામજી જીવરાજ લોડાયાએ મુંબઈથી પાલીતાણાનો સંઘ ટ્રેન દ્વારા કાઢ્યો. આસો વદ ૧૧ શનિવાર સંવત ૧૯૬૧ (સને ૧૯૦૪)ના સંઘ મુંબઈથી રવાનો થયો. ( આ સંઘનું વિગતવાર વર્ણન અગાઉ પ્રકાશના અંકોમાં આપેલ છે.) સંઘની ખુશાલીમાં શામજી જીવરાજે સંવત ૧૯૬૧ કારતક વદ ૧૨ના મીઠાઈનું મુંબઈમાં નાતજમણ તથા સંવત ૧૯૬૧ કારતક વદ ૧૩નું સંયુક્ત જમણ દૂધપાક પુરીનું વીરપાર દેવજી તથા શામજી જીવરાજે મુંબઈમાં આપ્યું.

**નોંધ ૯ :** સંવત ૧૯૫૨ વૈશાખ વદ ૪ના પોનથી તેજપારનું અવસાન પુત્ર વિશનજીએ ચોખરો (ચાર ગામ જમાડવા) કીધો. બાંએઠ, ગોધરો, કોટડી, નાગ્રેચા ધુંવાબંધ જમાડ્યા. વહીવંચાને કોરી ૨૫ દીધી. (અગાઉ ગામ જમણ તેથી આગળ ઓખરા, તેથી આગળ પોતાની નાત (પરની નાત) તેથી આગળ ૫૨-૪૨ની નાત (જેમાં કંઠી - અબડાસાની દશા-વીસા સમગ્ર નાત આવી જાય) જમાડવાનની પ્રથા હતી.

**નોંધ ૧૦ :** સંવત ૧૯૯૯ મહા વદ ૬૫ને સોમવાર રમીલાબાઈ, દામજી દેવસીની પુત્રીનો જન્મ. પુત્રીનું નામ વહીવંચાને ચોપડે મંઢાવી વહીંચાને હેમની વીંટી, પહેરામણી, પછેડી તથા ગરમ કોટ, પોલકો તથા સાડી કપડા, કોરી ૧૦૦ રોકડી તથા રૂા. ૫ શીખના દીધા. (આપણી નાતમાં દીકરી જન્મની પણ કેટલી ખુશી હતી તે જાણી શકાય છે.)

**નોંધ ૧૧ :** સંવત ૧૯૫૫ ફાગણ સુદ ૪ ના શા. માંઈયા મેગરાણીવાસે દીકરા ટોકરસીએ ડુમરાનો ચોખરો કીધો. સાંધવ-મંજલ-રાએઘણ-ડુમરો જમાડ્યો. (આજુબાજુના કયા ગામો ભળતા હતા તે જાણી શકાય છે). ફરી સંવત ૧૯૫૭ આસો વદ ૯ મણસી વાસે ટોકરસીએ ચોખરો કીધો. ટોકરીને ત્યાં પુત્ર લાલજીનો જન્મ થયો તે પ્રસંગે ભટ્ટને હેમના કડા તથા કોટનું કપડું દીધું.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

હાલારમાં પોલડિયા પરિવારોના ઘણા સ્થળાંતરો જોવા મળે છે. મોટી ખાવડી - ગોરખડી - ધ્રાફા - મચ્છુ બેરાજા - રંગપુર વિ. ગામોમાં વસવાટ છે. આમાં મોટા ભાગના સ્થળાંતરો લગ્નબાદ પત્નીના ગામોમાં સ્થિર થવાના સુચવે છે. વીરપાર લધા મોટી ખાવડીથી, આણંદ લધા બેરાજાથી, પ્રથમ ભરૂડિયાથી, વેરસી લધા ગોરખડીથી પરણ્યા છે અને અમનો વસવાટ આ ગામોમાં રહેલ છે. આણંદ લધા તથા દેવસી લધાના લગ્ન ભરૂડીયા વીકમસી વસાઈયા હંસરાજની દીકરીઓ વેરે થયેલ.

પોલડિયા ગોત્રની થોડી પાંખડીઓની વિગત અત્રે આપું છું.

**૧ બાયઠ :** પાર્થ - વિપુલ - લક્ષ્મીચંદ - લાલજી - કેશવજી - નેણસી - નાયક - પાસડ - દેરાજ - મેઘણ - પોનાણી - વીરપાણી - વીરગોર - આસમલ - આડત - ગરૂઓ - મુરીયાણી - પુરખો - પ્રતાપાણી - મોઅણ - માણેક - દકનાણી.

**૨ બાયઠ :** સિધ્ધાર્થ - યોગેશ - હીરાલાલ - લાલજી - વિસનજી - પુનશી - તેજપાર - વરસંગ - દેરાજાણી - મેઘાણી - પોનાણી (આગળની પેઢીઓ ૧ મુજબ)

**૩ બાયઠ :** કુણાલ - જયંતીલાલ - જીવરાજ - નરશી - ખીંયશી - મુરજી - તેજપાર - વરસંગ - દેરાજાણી - મેઘા - પોનાણી (આગળ ૧ મુજબ).

**૪ ડુમરાની પાંખડી :** વિપુલ - મણીલાલ - લક્ષ્મીચંદ - દામજી - દેવસી - વીરપાર - દેવજી - માલસી - કુરપાર - ખીમુ - ખીંયાણી - પોનાણી (આગળ ૧ મુજબ).

**૫ ગોએરસમા :** હેમંત - દિપક - લાલજી - શામજી - વેરસી - કોરાણી - જેવત - પૂંજા - રણમલ - રાયમલ - જાદવ - વાગાણી - આસો - પાંચો - આડતાણી (આગળ ૧ મુજબ).

**૬ લુણી :** સાગર - જયંતીલાલ - ટોકરસી - દામજી - રવજી - મેરગ - જેવત - પૂંજા - રણમલ (આગળ ૧ મુજબ).

**૭ હાલાર :** નીરવ - નવિન - રાયસી - આણંદ - લધા - કચરા - પાંચારીયા - રાજપાર - હીરાણી - પોનાણી (આગળ ૧ મુજબ).

અગાઉ થોડા પોલડિયા પરિવારો ભૂર ઓળખ (નૂખ) ધરાવતા હતા અને જૂના વસ્તીપત્રકોમાં ભૂર નૂખ હતી. પાછળથી તેઓ મૂળ નુખ પોલડિયામાં ભળી ગયા છે.

## વતનના વહેણ

### અબડાસામાં ઊંચી આનાવારીથી નારજગી

અબડાસા તાલુકો તીવ્ર અછતનો સામનો કરી રહ્યો છે, ત્યારે તાલુકાની આનાવારી ૬ આનીથી ઉપર લઈ જવાતાં કેટલાક ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ભારે નારાજગી વ્યક્ત કરી છે.

ગ્રામ્ય વિસ્તારમાં ઘાસ, પાણીની વ્યવસ્થા ગોઠવવા તંત્ર દ્વારા સ્વૈચ્છિક રીતે સ્વીકારાયું છે પણ આવી વ્યવસ્થા ક્યારથી ગોઠવાશે તે નિશ્ચિત નથી. પરિણામે પીવાના પાણી માટે ઘણા બધા ગામોના લોકો વલખા મારે છે. એટલું જ નહીં ઘાસચારા માટ મૂંગા પશુઓ અહીં તહીં ભટકી રહ્યા છે પણ ઘાસનું તણખલું પણ સીમતળમાં નસીબ ન થતાં ગ્રામ્ય વિસ્તારના ઢોરો માટે ભૂખમરા જેવી સ્થિતિ પૈદા થતાં મૂંગા ઢોરો મોતના મુખ તરફ ધકેલાઈ રહ્યા છે. અબડાસાના અંતરિયાળ ગામો લાખણિયા, બાંડિયા, કુવાપધર, સુખપર, વારાપધર વગેરે ૮૦થી વધુ ગામોમાં પીવાનાં પાણીની બૂમ ઊઠી છે. તંત્રને પોતાની ભૂલ કે નૈતિકતાનો અહેસાસ તો કદાચ થયો હોય તેમ આખા તાલુકાની ઘાસ-પાણીની સ્થિતિ તો તલાટીઓ મારફત મગાવી છે. પાણીની આ સ્થિતિ ક્યારે થાળે પડશે તેનું કંઈ નિશ્ચિત નથી.

### કચ્છની હસ્તકળાને ટેક્નોલોજી સાથે તાલ મિલાવી વધુ નિખારી શકાય

કચ્છની હસ્તકલાએ વિશ્વને આકર્ષિત કરી છે ત્યારે આ વૈવિધ્યસભર વારસાને વધુ સારી રીતે ઉજાગર કરવા માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના બદલાતા સમય સાથે કદમ મિલાવી કચ્છીયતને વધુ ઊંચાઈ બક્ષવાની જરૂરિયાત હોવાનું અહીંથી નજીક આવેલા મુંદરા તા. ના ટુંડા ગામે કાર્યરત કચ્છની એકમાત્ર હસ્તકલા કારીગરીના પાઠ ભણાવતી વિદ્યાલય કલારક્ષાના નવમા પદવીદાન સમારોહને સંબોધતાં કચ્છ યુનિ. કુલપતિએ ચંદસિંહ જડેજાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે કચ્છમાં સક્રિય મોટી કંપનીઓ આ બાબત સ્પોન્સરશીપ આપી. કલાને ઉત્તેજન આપવું જોઈએ.

ડિઝાઈનર સુભ્રતો ભૌમિકે વિશ્વમાં ૩૫ વિદ્યાલયોમાંથી કચ્છની આ સંસ્થામાં વધુ કારીગરો જોડાઈ સ્વનિર્ભર બને તે અપીલ કરી હતી.

નવ જેટલા કારીગરોને અલગ અલગ વિષયના કામને આવરી લેતા પદવીના પ્રમાણપત્ર અગ્રણીઓના હસ્તે અપાયા હતા. દિવસ દરમ્યાન વિવિધ કલાઓના પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press


## પુજ્ય કાકીને આદરાંજલિ

ગામ : મંજલરેલડીયા

હાલ : મસ્જીદબંદર








**પ્રભુ ગૃહે પ્રયાણ : ૨૮.૦૩.૨૦૧૬**

### જયશ્રીબેન પ્રદીપ નરશી સાયલા

**સૌ પ્રત્યે સ્નેહ-સદ્‌ભાવના અને લાગણી દર્શાવનારા,**
**સંસારિક જીવનની ફરજોનું સુપેરે વહન કરનારા વ્યવહારદક્ષ,**
**કુટુંબ વાત્સલ્ય હૃદયી ધર્માનુરાગી, પરોપકારી એવા**
**અમારા ''બબુકાકી''.**
**અમે ગુમાવ્યા છે છત્રછાયા અને સ્નેહ સંગાથ....**
**એમની યાદ આવશે વારંવાર.....**
**આંખેથી વહેશે અશ્રુધાર....**
**જેમનું ઋણ આજીવન ચૂકવી ન શકાય એવા**
**પરમ ઉપકારી પૂ. કાકીજી નો આત્મા**
**મોક્ષગામી હોજો**
**એજ પ્રભુને પ્રાર્થના સહ નત મસ્તકે વંદન.**



**હિરેન નવીનચંદ્ર લાપસીયા** – રંગપુર
**જીતેન દિલીપ નાગડા** – રાપરગઢવારી



**SHOOTER'S STUDIO**

## આરોગ્ય પ્રકાશ : જાનલેવા તાપ સામે ઝઝૂમવું કઈ રીતે?

તાપમાનનો આંકડો રોજરોજ જેટ ગતિએ ઉપર જઈ રહ્યો છે. ગરમીથી દર વર્ષે આપણે ત્યાં પાંચસો-સાતસો જણ મરે છે, પણ ગયા વખતે તો બે હજાર માણસ હીટ-વેવને કારણે મોતને ભેટ્યા હતા.

હીટ-વેવ એટલે માથાફાડ ગરમીનું મોજું. કોઈ વિસ્તારમાં સતત દિવસ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે એ સ્થિતિને વિજ્ઞાનીઓ હીટ-વેવ તરીકે ઓળખાવે છે. ધરતી પરનું હરિયાળું આવરણ દિવસે દિવસે ઓછું થઈ રહ્યું છે અને પરિણામે ગરમીનું આક્રમણ તીવ્ર બની રહ્યું છે.

**ગરમીથી શરીરમાં થાય શું ?**

શાળાએ જતાં બાળકને શીખવવામાં આવે છે કે આપણા શરીરના દળમાં બે તૃતીયાંશ હિસ્સો તો માત્ર પાણીનો છે. આ પ્રવાહી શરીર માટે વાતાવરણની ગરમી-ઠંડી સામે સુરક્ષાકવચ જેવું કામ કરે છે (જેમ કે ભરઉનાળે ચામડીથી અંદર જતી ગરમીને પરસેવાના માર્ગે શરીરબહાર કાઢવાનું કામ). જો કે, દિવસો સુધી એકદમ આકરી ગરમી સામે આ સુરક્ષાકવચ નબળું પડી શકે છે. એને લીધે શરીરમાંનું પાણી ઓછું થઈ જાય અને એની અસર શરીર પર દેખાવા માંડે.

મુંબઈસ્થિત જનરલ ફિઝિશિયન ડૉ સારંગ નાચાણી ના મતે માણસ બહુ લાંબો સમય ગરમીમાં રહે તો શરીરનું તાપમાન એટલું વધી જાય કે શરીરમાંના પ્રોટીનના કોષ બળી-ફાટીને નાશ પામવા લાગે. એની ચામડી સુકાય, પાણી ઓછું થઈ જવાથી સ્નાયુ ખેંચાતા હોય એમ લાગે અને ક્યારેક અસર જલદ હોય તો એ મગજની કામગીરીને પણ ખોરવી નાખે. એને લીધે માણસ ક્યારેક ગાંડા જેવી હરકત કરે તો ક્યારેક એને આંકડીનો આંચકો પણ આવી જાય અને થોડો સમય એ હોશ ગુમાવી દે.

**ક્ષાર ઓછા થાય એટલે....**

ગરમીને કારણે શરીરમાંથી પાણી સુકાય કે ઓછું થાય એટલે સ્વાભાવિક છે કે શરીરમાં મીઠું (સોડિયમ) અને બીજા ક્ષારનું પ્રમાણ પણ ઘટવા માંડે. પરિણામે ક્યારેક એવુંય થાય કે શરીરનું તાપમાન પંદર-વીસ મિનિટના ગાળામાં જ બહુ વધી જાય. અમુક સંજોગમાં એ વખતે માણસને પરસેવો પણ ન વળે અને શરીરની ગરમી પાછી બહાર ન જવાથી માણસના તમામ મહત્ત્વના અવયવ પર એની ઘાતક અસર થાય. હીટ સ્ટ્રોક તરીકે ઓળખાતી આ અવસ્થા માણસ માટે જીવલેણ નીવડી શકે.

વધુ પડતી ગરમીની ઔર એક અસર એટલે હીટ સિંકપી. એમાં માણસનું બ્લડ પ્રેશર ઓછું થઈ જાય અને એ હોશોહવાસ ગુમાવી દે. જેમનું બ્લડ પ્રેશર ઊંચું રહેતું હોય એમના માટે વધુ પડતી ગરમી હાનિકારક પુરવાર થાય છે.

**પૂલમાં પડતાં પડતાં ચૂલમાં ન પડતા !**

તોબા પોકારતી ગરમીથી બચવા ઘણા લોકો સ્વિમિંગ પૂલ કે પછી નદી-દરિયામાં ધુબાકા મારીને રાહત મેળવવાનો પ્રયાસ કરે છે. એ લોકોએ પણ એક બાબતથી ચેતવા જેવું છે.

ડૉ. નાચાણી ના મતે લાંબો સમય પાણીમાં રહેવાથી એ પાણી ક્યારેક કાનમાં જમા થવાની શક્યતા રહે છે. માણસ તરીને પાણીની બહાર આવી જાય પણ કાનમાં હજી પાણી રહી ગયું હોય તો એમાંથી માણસને વાતાવરણની ગરમી અને ભેજને લીધે ઇન્ફેક્શન થઈ શકે. ઓટાઈટિસ એક્સ્ટર્ના તરીકે ઓળખાતી આ અવસ્થા ભારે પીડાદાયક છે.

ઉપરાંત, ચામડી સુકાઈને શરીર પર ચીરા પડે, વાઈરસને લીધે કે દૂષિત પાણી પીવાથી ફેલાતી બીમારી આવે અને શરીર સુસ્ત પડી જાય, વગેરે પણ તીવ્ર ગરમીની અસરનાં લક્ષણ છે.

**છુટકારો મેળવવો તો કઈ રીતે ?**

વળી, વિજ્ઞાનીઓ હવે વર્ષાનુંવર્ષ તીવ્ર ગરમીના વધુ ને વધુ લાંબા ગાળા (હીટ-વેવ)નું અનુમાન લગાવી રહ્યા છે એટલે કમ સે કમ એ બાબતમાં અચ્છે દિન ખાસ નજીક દેખાતા નથી.

આ હાલતમાં કેટલીક તકેદારી લેવી જરૂરી છે, જેમ કે...

- બને ત્યાં સુધી બહુ તડકામાં જવાનું ટાળવ્યું. નાછૂટકે જવું પડે તો છત્રી કે કૅપનો ઉપયોગ કરો અને માથાની સાથે કાનમાં ગરમી ન જાય એનું ધ્યાન રાખવું.
- શરીરમાં ગરમી બહુ વધી ગઈ હોય તો માથે પાણીનાં પોતાં મૂકવા.
- શરીરમાં પાણી જળવાઈ રહે એ માટે થોડે થોડે સમયે કોઈ ને કોઈ પ્રવાહી પીવાનું રાખો. જો કે બહાર મળતાં ઠંડા પીણાં કરતાં ઘરે બનાવેલું લીંબુપાણી, ગોળ-મીઠાનું પાણી, ખજૂરનું પાણી કે કોકમ, કાચી કેરી, સુગંધી વાળાનું શરબત તબિયત માટે વધારે સારું.
- આ બધા સાથે નાળિયેરપાણી અતિ ઉત્તમ, કારણ કે એમાં શરીર માટે જરૂરી મોટા ભાગના ઇલેક્ટ્રોલાઈટ્સ મળી રહે છે.
- કંઈક ખાવાની ઈચ્છા થાય તો કાકડી, સક્કરટેટી કે કલિંગર પસંદ કરવા.
- બહુ શ્રમ પડે એવું કામ ન કરવું.

– ***હીરેન મહેતા***, ચિત્રલેખામાંથી સાભાર

## લગ્ન સંબંધી :

મુંબઈ સ્થિત ઉમર વર્ષ ૩૩ નિર્દોષ છૂટાછેડા થયેલ મલ્ટીનેશનલ કાં. માં સારી જોબ ધરાવનાર યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય. છૂટાછેડા વાળી ચાલશે. કુંડલીમાં માનીએ છીએ. સંપર્ક : **096996 63533**

સમાચાર — સંસ્થા સમાચાર, જ્ઞાતિ સમાચાર, વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પુના ખાતે એપ્ટીટ્યુડ ટેસ્ટ

એજ્યુકેશન અને કરીઅર ગાઈડન્સ ફોરમ-એડ્યુકેઅર ફોરમ- પુના તરફથી તા. ૨૪ એપ્રિલ ૨૦૧૬ના રોજ ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સાયકોમેટ્રીક ટેસ્ટસ એટલે કે એપ્ટીટ્યુડ ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ટેસ્ટથી વિદ્યાર્થીઓની બુધ્ધી પ્રતિભા, વલણ, રૂચિ અને વ્યક્તિત્વ પ્રમાણે તે વિદ્યાર્થીઓને કઈ કારકીર્દી ભાવશે તે જાણીએ શકાય છે. પુનામાં ૯ થી ૧૨ ધોરણમાં વિદ્યાર્થીઓની આવી ટેસ્ટ કરાવી તેમણે કારકીર્દી માટે પ્રોફેશનલ કાઉનસેલરનું માર્ગદર્શન અપાવવામાં આવશે. નોંધણી અને વિગત જાણવા સંપર્ક : મિલન પટેલ – 09822092671, પ્રશાંત લાલકા – 9822056198, ઈમેલ- educare.pune@gmail.com

### શ્રી સી.ડી.ઓ. જૈન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, ગદગ

શ્રી સી.ડી.ઓ. જૈન સ્કૂલમાં તા. ૧-૩-૨૦૧૬ના ગૌરવ જ્યોતિષાચાર્ય પ.પૂ. ગુરુદેવ શ્રી સર્વોદય સાગર મ.સા. અને યુવા મુનિ પ.પૂ. શ્રી ગુણવલ્લભસાગર મ.સા. પધારેલ.

સ્કૂલના સેક્રેટરી શ્રી રવિન્દ્રકુમાર કે લોડાયાએ સૌને આવકાર આપેલ. બાળકોએ મધુર કંઠમાં નવકાર અને માતા સરસ્વતીની પ્રાર્થના સંભળાવેલ. શ્રીમતી પરીકા પ. નાગડા એ પ.પૂ. મ.સા. નો પરિચય આપેલ. મુનિ પ.પૂ. શ્રી ગુણવલ્લભ સાગર મ.સા. એ બહુ સરળ અને સુંદર રીતે બાળકોને પોતાની જીંદગી અને પરીક્ષામાં થતી નિષ્ફળતાના કારણ અને સફળતાના ઉપાય અલગ અલગ દાખલા આપીને સમજાવ્યા જેમ કે તમારા મગજમાં નકારાત્મક વિચારો ના રાખો Be Positive પ્રશ્ન અને જવાબની આપ લે માં બાળકોએ પણ સરસ ભાગ લીધેલ. શ્રી સર્વોદયસાગર મ.સા. એ ગદગની સ્કૂલને સફળતા પૂર્વક ૧૧૧ વર્ષ પુર્ણ થયેલ છે આ વાતને સુંદર રીતે વધાવેલ. તેમના પાવન આશીર્વાદ રૂપે સ્કૂલ ને પોતાના નામની ''સર્વોદય સેવા સન્માન-૨૦૧૬''ની શિલ્ડ આપ્યું.

આ કાર્યક્રમમાં ગદગ સમાજના અને સાધર્મિક ભાઈ બહેનો એ ભાગ લીધેલ. સ્કૂલ તરફથી સંઘ પૂજન કરવામાં આવેલ. આખરમાં સ્કૂલના પ્રમુખ શ્રી વિપુલ એન લુઠીયાએ આભાર વિધિ આપેલ. કાર્યક્રમનું સંચાલન કેતના શાહ એ નિભાવેલ.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી

શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી દ્વારા આયોજીત વર્ષનો પહેલો પ્રોગ્રામ વર્ધમાન નગર (મુલુંડ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન, ચૈત્યવંદન કરીને, વીલેજ હોટલ (મુલુંડ આર મૉલ)માં પ્રોગ્રામ રાખ્યો હતો. જેમાં સારી સંખ્યામાં સભ્યોની હાજરી રહી હતી. મંડળે ગેમ્સ પણ રમાડીને સર્વ ને ઈનામો પણ આપ્યા હતા. વસ્ત્ર પરીધાનમાં ફલોરલ થીમ રાખી હતી. જેમાં બેસ્ટ ડ્રેસમાં કલ્પનાબેન શાહ વિજેતા થયા હતા. મંડળના કમિટી સભ્યો, પદાધિકારીઓ તથા સભ્યો એ આ કાર્યક્રમને ખૂબ માણ્યો હતો. મંડળનો આગામી કાર્યક્રમ ૧ મે ના રોયલ રીસોર્ટમાં રાખવામાં આવ્યો છે.

### ગોએરસમા – બારોઈ ધ્વજા મહોત્સવ

ગોએરસમા – બારોઈએ બન્ને ગામના જિનાલયોનો ધ્વજા મહોત્સવ પ.પૂ.શ્રી મુક્તિરત્ન સાગરજી મ.સા. અને પ.પૂ. શ્રી કંચન સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઈ નંદુ દ્વારા વિધિવિધાનથી લગભગ ૧૫૦ થી વધુ ભાગ્યશાળીઓની હાજરીમાં તા. ૨૪-૩-૨૦૧૬ અને તા. ૨૫-૦૩-૨૦૧૬ના ખુબજ ધામધુમપૂર્વક ઉજવાયો.

બારોઈ જિનાલયના કાયમી ધ્વજાના લાભાર્થી શ્રી કાંતિલાલ ખીમજી ગોસર – મુંબઈ પરિવાર એવમ ગોએરસમા જિનાલયના વાર્ષિક ધ્વજારોહણના લાભાર્થી શ્રીમતી સાધનાબેન અશોક લાલજી પોલડીયા પરિવાર (જલગામ) રહેલ.

હાલ ધ્વજા મહોત્સવ ફંડમાં દસ પરિવારે લાભ લીધેલ. આવતા વર્ષ માટે ૧૯ પરિવારોના નામ જાહેર કરવામાં આવેલ. આવતા વર્ષ માટે બન્ને જિનાલયો નિભાવ ખર્ચ માટે ૩૧ તીથી માટે પરિવારોના નામ જાહેર થયેલ.

### આદિપુર (કચ્છ)ની બહેનોની શંખેશ્વર – ભદ્રેશ્વર યાત્રા

આદિપુર (કચ્છ)ના શ્રી મહાવીરનગર મહિલા મંડળની બહેનો એ ૨૩-૩-૨૦૧૬ને મંગળવારના જાત્રા કરી. શ્રી શંખેશ્વર દાદાની સેવા પૂજા કરી ત્યાંના અલગ અલગ દેરાસરના દર્શન કર્યા. જાત્રા દરમ્યાન સવારની નવકારશીની દાતા શ્રીમતી પૂજાબેન પંકજ ધરમશી હતા જ્યારે બપોરના ભોજનના દાતા શ્રીમતી જયાબેન શાંતિલાલ નાગડા હતા. સાંજના ચૌવિહાર દાતાનો લાભ મીનાબેન કલ્યાણજી મોમાયાએ લીધેલ.

આદિપુર (કચ્છ)ના મહિલા મંડળની બહેનો મહાશિવરાત્રી તા. ૮-૩-૨૦૧૬ને સોમવારના દિવસે ભદ્રેશ્વર ગયેલ. શ્રી આદિ વિમલ પૂજા મંડળની બહેનો સાથે કુલ ૧૮ જણની સંખ્યા સાથે મીની લક્ઝરી બસ દ્વારા ભદ્રેશ્વર (વસઈ તીર્થે) ગયેલ ત્યાં ખૂબજ ભક્તિ-ભાવ થી સ્નાત્ર પૂજા ભણાવેલ. મંડળની બધી જ બહેનોને દર્શન વિધિની વસ્તૂ સાથે બટવાની

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કીર્તીકુમાર પી. શાહ (લોડાયા)**<br>મો.: ૯૮૨૧૦ ૯૧૨૬૩, ૯૭૬૯૯ ૯૦૦૫૯ | ઓ/૫૦૪, તારાપોર ટાવર્સ કો.હા.સો.લી., ઓફ ન્યુ લીંક રોડ, લોખંડવાલા, ઓશિવરા, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૩. ફોન (ઘર) : ૦૨૨-૨૬૩૪ ૨૪૦૩ |
| **ડૉ. પ્રદીપ એસ. ખોના** | પ્લોટ નં. ૯, બેંકર્સ કોલોની, કરૂર હોસ્પીટલની સામે, મુલગુંડ રોડ, ગદગ - ૫૮૨ ૧૦૩. મો.: ૦૮૩૭૨-૨૩૮૨૫૬ |
| **સચીન હિરાચંદ ખેતસી મોતા** | રૂમ નં. ૧૮, બિલ્ડીંગ નં. ૧૮, ૨જે માળે, સમર્થ નગર, રેલ્વે ફાટક પાસે, ચુનાભટ્ટી, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨. મોઃ ૯૬૧૯૫ ૬૫૬૧૪, ૯૭૦૨૭૩૭૭૪૧ |
| **નવીન ધનજી દંડ** | ૩૧, ગોકુલ ટેનામેન્ટ, નિર્ભય નગર, અન્ડરબ્રીજ પાસે, મધુરવૃંદ સોસાયટી પાસે, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ગુજરાત |
| **રતીલાલ દેવજી લોડાયા** | ૩૬૬૮, બિ.નં. ૧૩૫, વિશાલ કો.હા.સો., પંત નગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૫. |
| **મધુરી નવીનચંદ્ર સોનાવાલા** | ડેફોડીલ, ૧૭૦૫/૦૬, ૧૬મે માળે, સાલારપૂરીયા લક્ઝરીયા, ૮ મેઈન, મલ્લેશ્વરમ, બેંગ્લોર - ૫૬૦ ૦૦૩. ફોનઃ ૨૯૭૨ ૦૮૫૧ |
| **કેશવજી ટી. મોમાયા** | ફ્લેટ નં. ૪૦૨, શંકર ભુવન, રાજાવાડી, રોડ નં. ૪, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |

પ્રભાવના કરી તથા પૂજા કરાવી તથા સાધર્મિક ભક્તિનો લાભ શ્રીમતી જયાબેને લીધેલ.

**સાંયરા તિર્થ જિનાલયની ૧૩૮ ધ્વજારોહણ ઉજવણી**

સાંયરામાં તા. ૯.૩.૨૦૧૬ થી તા. ૧૧.૩.૨૦૧૬ ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવેલ. જેમાં પ. પૂ. મુનિ શ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં ત્રિહાન્હિકા મહોત્સવમાં વિધિકાર સંગીતકાર શ્રી કિશોર સંગાર તથા સમાબેન મીરએ સંગીતની રમઝટ બજાવેલ. તા. ૯.૩.૨૦૧૬ થી તા. ૧૧.૩.૨૦૧૬ ત્રણ દિવસની સાધર્મિક ભક્તિના સંપૂર્ણ દાતાશ્રી ડાયમંડ દાતા ગોલ્ડન દાતા તથા સિલ્વર દાતા હતા. તા. ૯.૩.૨૦૧૬ના બપોરના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાનક પૂજા ભણાવવામાં આવેલ જેમાં રતિલાલભાઈ મુલચંદભાઈ તથા પ્રેમચંદભાઈ આદીએ રમઝટ બજાવેલ, તા. ૧૦.૩.૨૦૧૬ ફાગણ સુદ ૨ (બીજના) બપોરે અલગ અલગ દાતા તરફથી ૧૮ અભિષેક ભણાવવામાં આવેલ. ફાગણ સુદ ૩ ત્રીજ સવારના ૮ વાગે રથયાત્રા નીકળી હતી. સવારના સત્તરભેદી પૂજા ભણાવેલ.

શ્રી આદિનાથ ભગવાનની ધ્વજા ચડાવવાનો લાભ લેનાર પૂણ્યશાળી દાતાશ્રી માતુશ્રી મુરબાઇ જવેરચંદ વેલજી લોડાયા પરિવાર, રાયપુરતથા માતુશ્રી સોનબાઈ મુલજી ખેતશી પટેલ પરિવાર, મુલુંડ – હૈદ્રાબાદ, શ્રી અજીતનાથા ભગવાનની ધ્વજા ચડાવવાનો લાભ લેનાર માતુશ્રી સોનબાઈ મુલજી ખેતશી પટેલ પરિવાર, મુલુંડ – હૈદ્રાબાદ, શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાનની ધ્વજા ચડાવવાનો લાભ લેનાર માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા, સાંયરા, શ્રી શાન્તીનાથ ભગવાનની દેરી ૧ ધ્વજા ચડાવવાનો લાભ લેનાર માતુશ્રી ગંગાબાઈ ભવાનજી ચત્રભોજ લોડાયા હસ્તે દીપકભાઈ ભવાનજી લોડાયા, ડોંબિવલી, શ્રી અજીતનાથ ભગવાનની દેરી નં. ૨ ની ધ્વજા ચડાવવાનો લાભ લેનાર માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા, સાંયરા.

**અમેરિકામાં જપ્ત થઈ ત્રણ કરોડની મૂર્તિઓ**

અમેરિકાના ન્યુ યૉર્ક શહેરમાં એક ઑક્શન હાઉસમાં તાજેતરમાં ભારતની પ્રાચીન મૂર્તિઓની હરાજી રાખવામાં આવી હતી, પણ અમેરિકાના ઇમિગ્રેશન અને કસ્ટમ્સ વિભાગે ભારતમાંથી સ્મગલ કરીને અમેરિકા પહોંચાડી દેવામાં આવેલી અને આશરે ત્રણ કરોડ રૂપિયાની કિંમતની માનવામાં આવતી બે મૂર્તિઓ જપ્ત કરી હતી.

**પ્રકાશ સમીક્ષાના કાયમી જાહેરાતકારોને વિનંતિ :**

**પ્રકાશ સમીક્ષાના કાયમી હિતેચ્છુક તરીકે સુદીર્ઘનાતોની ભાવવા માટે અનુમોદના. તા. ૩૧ માર્ચ ૨૦૧૬ના નાણાકીય વર્ષ પૂર્ણ થયા સાથે અગાઉ આપેલ આર્થિક યોગદાનથી મુદત પૂરી થઈ છે. આખો એપ્રિલ આપની જાહેરાત યથાવત છપાતી રહેશે ત્યાં સુધીમાં સહયોગ રાશિ મોકલી દેવા વિનંતિ.**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૨-૧૬ | મુલુંડ | તિશા, ઊર્મી ગુંજન મોતા | રાયધણજર | પુત્રી |
| ૧૧-૦૩-૧૬ | મુલુંડ | ચૈત્ય, રૂપલ ઉમેશ સોમચંદ ધરમશી | નાની સિંધોડી | પુત્ર |
| ૧૪-૦૩-૧૬ | મુલુંડ | વીહાન, લબ્ધી પ્રતીક નવીનચંદ્ર નાગડા | તેરા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૨-૧૬ | આંતરજાલ | કુનાલ મનોજ બાબુભાઈ લોડાયા | સાંધવ | ૨૨ |
| | ઈંદોર | કોમલ ટેકેન્દ્ર કિશોરકાન્ત મોતા | સુથરી | ૨૨ |
| ૧૦-૦૩-૧૬ | વડોદરા | અંકીત હંસકુમાર દામજી લોડાયા | તેરા | ૨૬ |
| | વર્ધમાનનગર-કચ્છ | હિનલ ચંદ્રકાંત હીરાચંદ મુનવર | કોઠારા | ૨૫ |
| ૨૬-૦૩-૧૬ | મુલુંડ | પ્રણવ હરિશ લક્ષ્મીચંદ મહેશ્વરી | જખૌ | ૨૭ |
| | ભાંડુપ | ઉર્વી અનિલ ભવાનજી ધરમશી | બાયઠ | ૨૬ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૩-૧૬ | ઘાટકોપર | મીહિર લક્ષ્મીચંદ મુરજી છેડા | કાંડાગરા | ૨૭ |
| | ઘાટકોપર | રોશની સંજય રતિલાલ લોડાયા (અજાણી) | કોઠારા | ૨૫ |

### સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૩-૧૬ | રાયચુર | હિમાંશુ શ્રીકાંત બંકીમચંદ્ર લોડાયા | સુથરી | ૨૭ |
| | અમદાવાદ | જલ્પા દિલીપ મેઘજી મોમાયા | વરાડીયા | ૨૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૨-૧૬ | શીવ | ફ્રેનીલ મુકેશ ગોવિંદજી લોડાયા | કોઠારા | ૩૦ |
| | બુરહાનપુર | તન્વી ભરત દેવશી દંડ | વરાડીયા | ૨૪ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૩-૧૬ | થાણે | અમર ધરમેશ અમરશી મોતા | લાખણિયા | ૨૯ |
| | થાણે | નેહા સંતોષ મદનમોહન ઓઝા | બંદી | ૨૮ |
| ૨૮-૦૨-૧૬ | મુલુંડ | મોનીલ બંકીમ ગાલા | તેરા | ૨૮ |
| | હૈદરાબાદ | મેહલ નવિનચંદ્ર હરિયા | શેરડી | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૩-૧૬ | ઔરંગાબાદ | કુલીનકાંત જેઠાભાઈ રતનશી મોમાયા | વરાડીયા | ૫૮ |
| ૨૭-૦૩-૧૬ | ડોંબીવલી | હીરજી પુનશી લોડાયા | સુજાપુર | ૭૫ |
| ૨૮-૦૩-૧૬ | મસ્જીદ | જયશ્રીબેન પ્રદીપ નરશી સાયલા | મંજલ રેલડીયા | ૬૦ |
| ૨૯-૦૩-૧૬ | મુલુંડ | લતાબેન સુર્યકાંત હીરજી દંડ | લાલા | ૭૨ |
| ૨૯-૦૩-૧૬ | પાલઘર/બોરીવલી | પ્રદીપ જયચંદ નાગડા | નલીયા | ૫૬ |
| ૩૦-૦૩-૧૬ | કોચીન | ઉતિન ઝવેરીલાલ કલ્યાણજી લોડાયા | મોટી વરંડી | ૫૦ |
| ૩૦-૦૩-૧૬ | બોરીવલી | પ્રદીપ જયચંદ ડુંગરશી નાગડા | નલીયા | ૫૬ |
| ૩૧-૦૩-૧૬ | પૂના | છાયાબેન શાંતીલાલ લાલજી છેડા | નલીયા | ૬૬ |
| ૦૧-૦૪-૧૬ | મસ્જીદ | જયંત ભવાનજી કુરવા | ગોધરા | ૭૨ |

# સ્મૃતિ વંદના : પરમ વંદનીય



દિવ્ય જીવન યાત્રા આરંભ તા. :
તા. ૨૭/૧૦/૧૯૩૩

દિવ્ય જીવન યાત્રા વિરામ તા. :
તા. ૦૯/૦૪/૨૦૧૩

## સ્વ. શ્રી ખીમજી કરમશી વીરપાર શાહ (લોડાયા)

(ગામ : મોટી ખાવડી - હાલ : મુલુંડ)

મહેકે છે જેમની માનવતા, મોગરા જેવી,
સ્નેહ સંસ્કાર, ઉદારતાના દિવ્ય ગુણોથી.
ઓજસ પ્રસરાવી ગયા, પરિવારને સમાજમાં,
દિવાદાંડી બની, અમારા રાહબર બની ગયા.
બની છે, અમારી જીંદગાની લીલીવાડી જેવી,
એ રૂડાં આશિર્વાદ, હૃદયથી આપતા ગયા.
આજ સ્પંદનો બની નવી દિશા અમને બતાવે છે,
હયાતીનો અહેસાસ, ફેલાઈન સુવાસ રૂપે.
અમને આપની મધુરી યાદ સતત અપાવે છે,

આપ એક આદર્શ પતિ, સ્નેહાળ પિતા, વાત્સલ્યમૂર્તિ દાદા તરીકે અમારા પરિવાર મંદિરમાં બિરાજમાન છો. આરાધ્ય વડીલ તરીકે અમારા હૈયામાં વસો છો, તેમજ સમાજને પ્રગતિવાદી માર્ગદર્શન આપનારા, દિવાદાંડી સમાન, જાહેર જીવન કે વ્યવસાયમાં, કે ધાર્મિક ક્ષેત્રે પણ આપે ઉચ્ચ મુલ્યો સ્થાપ્યા છે. એ આપની સર્વ સમભાવ દિલેરીના દર્શન કરાવે છે.

આપની આ ભવ્ય વિરાસત લોડાયા પરિવારની અમુલ્ય અમાનત છે, લોડાયા પરિવારનું ગૌરવ છે. આજ આપનો પરિવાર લીલીવાડી જેવો લહેરાય છે. એ જ તો છે આપની સિધ્ધી.

આપ અમારા હૈયામાં હતા, હૈયામા વસો છો, અને રહેવાના છો,

**'સ્વિકારજો અમારી સ્મૃતિ વંદના'**

ધર્મપત્ની : **જયવંતીબેન,**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | ગિરિશ-સંધ્યા, મહેશ-નૂતન, બંકિમ-રીટા, મુકેશ-ગીતા |
| પૌત્ર-પૌત્રવધુ | : | પ્રિતેશ-શીખા, ઉર્વેશ-પાયલ |
| પૌત્રી-પૌત્રી જમાઈ | : | ભક્તિ-તુષાર |
| પૌત્ર-પૌત્રી | : | કુનાલ, કિંજલ, દ્રષ્ટિ |

**સ્વ. માતુશ્રી લીલબાઈ કરમશી વિરપાર લોડાયા પરિવાર (મોટી ખાવડી)**
**સ્વ. માતુશ્રી ચાંપબાઈ ટોકરશી પદમશી ધરમશી પરિવાર (નાની ખાવડી)**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

REGD. No. F-15249
PAN : AAATM5288L
MANAV JYOT
માનવજ્યોત
PUBLIC CHARITABLE TRUST

# પ્લાસ્ટીક બેગના ઉપયોગને ટાળો

**PLASTIC BAGS HAVE FOLLOWING DETRIMENTAL EFFECTS**

● Clogging of water and sewerage drains. ● Interference with system of water recharge due to impermeable surface of plastic. ● Disease due to plastic surface providing breeding ground for pathogenic micro organism. ● Destruction of aesthetic visual values. ● Transfer to toxicity to food stuff when carried in coloured bags. ● Air Pollution during the process of burning / recycling of plastic. ● Threat to health of animals who may eat the plastic along with other material. ● Transfer of toxicity to various soil layers.










**Please carry your own bag.**

**તેની જગ્યાએ કેનવાસ, કપડાં કે પેપરની થેલીનો ઉપયોગ કરીએ.**

**અને દેશભક્ત નાગરિક બનીએ** - આસના લાપસીયા

**For Promotion of this project please contact - 2591 9755 / 2567 3587**

## દ્વિતીય પુણ્યતિથિએ સ્મરણાંજલિ



જન્મ :
તા. ૭/૫/૧૯૫૮

અવસાન :
તા. ૮/૪/૨૦૧૪

**સ્વ. અ.સૌ. મીના ટોકરશી નાગડા (ધૂમ)**

અલ્પ હતી જિંદગી... પણ સંભારણું છોડી ગઈ.
વેરાન મુકી જગ આંગણું... આભાસ તું છોડી ગઈ.
હસીને હસાવનાર... બાજી તું જીતી ગઈ.
તસ્વીર તારી મુકીને ''સ્વ''માં ભળી ગઈ.

❖ સ્મરણકર્તા ❖

સ્વ. વિજયાબાઈ પદમશી નાગડા (ધૂમ)
(નલીયા - ટીટવાલા)
માતુશ્રી ગં.સ્વ. ઝમકૂબાઈ શીવજી પોલડીયા
(બાયઠ-બડગરા)

## હાર્દિક અભિનંદન



**કુ. ચાર્મી નિતીન (મુનવર) શાહ** (લગ્ન પૂર્વે)
**સૌ. ચાર્મી હર્ષલ મોમાયા** (લગ્ન પછી)

આપે નવેમ્બર-૨૦૧૫ની CAની ફાઈનલ પરીક્ષામાં પ્રથમ પ્રયત્નમાં ઉતીર્ણ થઈને પરિવારનું નામ રોશન કરેલ છે.
ઉત્તરોત્તર પ્રગતિ કરો તથા આપની કારકિર્દીના શિખરે પહોંચો એજ અંતરની અભિલાષા !

શુભેચ્છક

સૌ. મમતા અનીલ મોમાયા (વરાડીયા-ઔરંગાબાદ)

સૌ. મધુબેન નિતીન મુનવર શાહ (જખૌ-નાગપુર)

દિવ્ય આશિષ

શ્રી હરિશ પદમશી લોડાયા (નલીયા-નાગપુર)

if undelivered, please return to :
C.D.O. PRAKASH SAMIKSHA, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : RAICHAND R. NAGDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner) and Printed at THE NEW MILLENNIUM PRINTERS, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. Editor : Raichand R. Nagda

To,